dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 348 | AD - 2024, Bhadarva Vad -05 | Sunday, Dt.22-09-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### મુખ્યમંત્રીની સાથે બે નવા ચહેરા, ૬ મંત્રીઓએ શપથ લીધા

## દિલ્હીના સૌથી યુવા મુખ્યમંત્રી તરીકે શપથ લેતા આતિશી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧

અરવિંદ કેજરીવાલના રાજીનામા પછી, આતિશીએ રાજ નિવાલમાં દિલ્હીના ત્રીજા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. તેમની સાથે અન્ય ધારાસભ્યોએ પણ મંત્રી તરીકે શપથ લીધા છે.જેમણે આજે સોગંદ લીધા છે તેમાં ૧. મુખ્યમંત્રી - આતિશી (નવો ચહેરો), મંત્રી સૌરભ ભારદ્વાજ,ગોપાલ રાય, મંત્રી કૈલાશ ગેહલોત,ઈમરાન હુસૈન, મુકેશ કુમાર અહલાવત (નવો ચહેરો)નો સમાવેશ થાય છે

આતિષી દિલ્હીના સૌથી યુવા મુખ્યમંત્રી બન્યા છે. શપથ ગ્રહણ સમારોહ આજે સાંજે ૪.૩૦ કલાકે રાજ નિવાસ ખાતે યોજાયો હતો. આતિશીની મંત્રી પરિષદમાં પાંચ મંત્રીઓએ પણ પદ અને ગુપ્તતાના શપથ લીધા હતા. સીએમ આતિશીની સાથે જે પાંચ મંત્રીઓએ શપથ લીધા છે તેમાં ચાર જૂના મંત્રીઓ ગોપાલ રાય, કૈલાશ ગેહલોત, સૌરભ ભારદ્વાજ અને ઈમરાન હુસૈનનું નામ સામેલ છે, આ બધા સિવાય સુલતાનપુરના ધારાસભ્ય મુકેશ કુમાર અહવાલત આતિશીની કેબિનેટમાં નવો ચહેરો છે મંત્રી તરીકે પણ શપથ લીધા. આતિશીના શપથ ગ્રહણમાં અરવિંદ કેજરીવાલ સહિત આમ આદમી પાર્ટીના ઘણા નેતાઓ હાજર રહ્યા હતા.

સીએમ તરીકે શપથ લેતા પહેલા આતિશી પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મળવા પહોંચ્યા હતા અને તેમની સાથે રાજભવન પહોંચ્યા હતા. આતિશી પહેલા ભાજપના સુષ્મા સ્વરાજ અને કોંગ્રેસના શીલા દીક્ષિત પણ દિલ્હીના મહિલા સીએમ રહી ચૂક્યા છે. તેમના પછી, આતિશી આગામી મહિલા મુખ્યમંત્રી બની છે અને દિલ્હીના નવમા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે.મુખ્યમંત્રી આતિશી કેબિનેટમાં સૌથી વધુ શિક્ષિત ચહેરાઓમાં સામેલ છે. તેણે ૨૦૦૬માં ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી એમએસસી કર્યું. આતિશીએ ચૂંટણી એફિડેવિટમાં પોતાને સામાજિક કાર્યકર ગણાવ્યા છે. આ સિવાય



અન્ય બે મંત્રીઓ ગોપાલ રાય અને કૈલાશ ગેહલોતની શૈક્ષણિક લાયકાત પણ અનુસ્નાતક છે. ગોપાલ રાયે પોતાના વ્યવસાયને સમાજ સેવા ગણાવ્યો છે જ્યારે કૈલાશ ગેહલોતે તેને રાજકારણ ગણાવ્યું છે. બે મંત્રીઓ, સૌરભ ભારદ્વાજ અને ઈમરાન હુસૈને, તેમની શૈક્ષણિક લાયકાતને ગ્રેજ્યુએટ પ્રોફેશનલ્સ તરીકે જાહેર કરી છે. સૌરભ ભારદ્વાજ, કમ્પ્યુટર સાયન્સમાં બી.ટેક, વ્યવસાયે સોફ્ટવેર સલાહકાર છે. ઈમરાન હુસૈન બિઝનેસ સ્ટડીઝમાં સ્નાતકની ડિગ્રી ધરાવે છે અને તેમનો વ્યવસાય રાજકારણ તરીકે જણાવે છે. સરકારમાં નવો ચહેરો મુકેશ અહલાવત ૧૨મું પાસ છે અને તેમનો વ્યવસાય બિઝનેસ છે.

દિલ્હી સરકારની નવી કેબિનેટની સરેરાશ ઉંમર લગભગ ૪૬ વર્ષ છે. ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં કાલકાજી સીટ પરથી જીતેલા ૪૩ વર્ષીય મુખ્યમંત્રી આતિશી કેબિનેટમાં સૌથી યુવા છે. બલ્લીમારન સીટના ધારાસભ્ય ઈમરાન હુસૈન આતિશી કરતા માત્ર ૧૮ દિવસ મોટા છે. ૫૦ વર્ષીય કૈલાશ ગેહલોત આ કેબિનેટમાં સૌથી વૃદ્ધ છે. કૈલાશ ગેહલોત નજફગઢથી ધારાસભ્ય છે. આ સિવાય અન્ય ત્રણ મંત્રીઓની ઉંમર સૌરભ ભારદ્વાજ ૪૪ વર્ષ, મુકેશ અહલાવત ૪૮ વર્ષ અને ગોપાલ રાય ૪૯ વર્ષ છે. ૨૦૨૦ માં, આતિશીએ તેની કુલ સંપત્તિ ૧.૪૧૨ કરોડ રૂપિયા જાહેર કરી હતી. પાંચમા નંબરે ગ્રેટર કૈલાસના ધારાસભ્ય સૌરભ ભારદ્વાજ છે. ૨૦૨૦માં સૌરભની સંપત્તિ ૧.૦૯ કરોડ રૂપિયા હતી. આ કેબિનેટમાં ગોપાલ રાય સૌથી ઓછી સંપત્તિ ધરાવે છે.

૨૦૨૦ની ચૂંટણીની એફિડેવિટમાં બાબરપુરના ધારાસભ્ય ગોપાલ રાયે પોતાની કુલ સંપત્તિ ૯૦.૦1 લાખ રૂપિયા જાહેર કરી હતી.૨૦૨૦ની ચૂંટણીની એફિડેવિટમાં આતિશીએ તેમની સામે કેસ નોંધવામાં આવ્યો હોવાની માહિતી આપી હતી.

### ચૂંટણી ફરજમાં જવાનોને લઈ જતી બસ ઉંડી ખીણમાં ખાબકી, ૩૨ જવાનો ઘાયલ

## જમ્મુ-કાશ્મીરના બડગામમાં BSFના જવાનોને લઈ જતી બસને અકસ્માત નડ્યો : ૩ શહીદ

બડગામ,તા.૨૧

જમ્મુ-કાશ્મીરના બડગામમાં એક ગંભીર અકસ્માત થયો છે. જમ્મુ કાશ્મીર વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણી માટે બડગામ જિલ્લામાં ચૂંટણી ફરજ માટે બીએસએફ જવાનોને લઈ જતી બસને અકસ્માત નડ્યો હતો. ઊંડી ખીણમાં બસ પલટી જવાથી ત્રણ સૈનિક શહીદ થયો છે. જ્યારે ૩૨ જવાનો ઘાયલ થયા છે. ઘાયલોને એસડીએચ ખાન સાહિબ અને બડગામની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે.



મળતી માહિતી અનુસાર બડગામના બ્રેઈલ વોટરહોલ વિસ્તારમાં બસને અકસ્માત નડ્યો હતો. અચાનક બસ રોડ પરથી લપસીને ઊંડી ખીણમાં પડી હતી. જેના કારણે સીમા સુરક્ષા દળના એક જવાન શહીદ થયો છે. ૩૨ જવાનો ઘાયલ થયા છે. જણાવવામાં આવી રહ્યું છે કે, બસમાં લગભગ ૩૫ સૈનિકો હતા. ઘાયલ જવાનોની સારવાર ચાલી રહી છે. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. માહિતી મળતાની સાથે જ સ્થાનિક પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બસમાં ફસાયેલા જવાનોને બહાર કાઢવામાં આવ્યા હતા. માહિતી મળતા જ વરિષ્ઠ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અકસ્માતના કારણો હજુ સુધી જાણવા મળ્યા નથી. તાજેતરમાં જ જમ્મુ ક્ષેત્રના રાજૌરીમાં સેનાના જવાનોના વાહનને અકસ્માત નડ્યો હતો. આ અકસ્માત બુધવારે માંજાકોટ વિસ્તારમાં થયો હતો. ભયજનક વળાંક પર વાહન ચલાવતા સૈનિકે કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે વાહન ૪૦૦ ફૂટ ઉંડી ખાઈમાં પડી ગયું હતું. પેરા-૨ યુનિટના જવાનો બુલેટ પ્રુફ વાહનમાં બેઠા હતા. આમાં છ કમાન્ડો ઘાયલ થયા હતા, જેમાંથી એક લાન્સ નાઈક શહીદ થયો હતો.

### આતંકવાદીઓ સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ઘણા હુમલાઓ કરે તેવી આશંકા

## મણિપુરમાં મ્યાનમારથી ૯૦૦ કુકી આંતકવાદીઓ ઘુસણખોરીની ફિરાકમાં : સુરક્ષા સહલાહકાર

ઈમ્ફાલ,તા.૨૧

મણિપુર સરકારના સુરક્ષા સલાહકારે પ્રથમ વખત જાહેરમાં પુષ્ટિ કરી છે કે તેમને મળેલા ગુપ્તચર અહેવાલમાં મ્યાનમારથી ૯૦૦ કુકી આતંકવાદીઓની ઘૂસણખોરીની ચેતવણી આપવામાં આવી છે, જેઓ જંગલ યુદ્ધમાં રોકાયેલા છે અને છે. સશસ્ત્ર ડ્રોનના ઉપયોગસાથે ઘુસણખોરીની ફિરાકમાં છે. મણિપુરના સુરક્ષા સલાહકાર કુલદીપ સિંહે મીડિયાને જણાવ્યું હતું કે ગુપ્તચર અહેવાલને હળવાશથી ન લઈ શકાય.

ટોચના ગુપ્તચર સૂત્રોએ જણાવ્યું હતું કે આ ગુપ્તચર અહેવાલ દક્ષિણ



મણિપુરમાં ભારત-મ્યાનમાર સરહદ પર સ્થિત જિલ્લાઓના તમામ વરિષ્ઠ અધિક્ષકોને મોકલવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર મોકલવામાં આવેલા રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ડ્રોન આધારિત બોમ્બ, પ્રોજેક્ટાઈલ્સ, મિસાઈલ અને જંગલ યુદ્ધની તાલીમ પામેલા ૯૦૦ કુકી આતંકવાદીઓ મ્યાનમારથી મણિપુરમાં પ્રવેશ્યા છે.

એવું માનવામાં આવે છે કે આ કુકી આતંકવાદીઓ દરેક ૩૦ સભ્યોના એકમોમાં છે અને સૂત્રોના જણાવ્યા અનુસાર, આ આતંકવાદીઓ સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ઘણા હુમલાઓ કરી શકે છે તેમને લાગે છે કે આ ઈન્ટેલિજન્સ રિપોર્ટ ૧૦૦ ટકા સાચો છે. વાસ્તવમાં, સામાન્ય કેટેગરીના મેઈટીસને અનુસૂચિત જનજાતિની શ્રેણીમાં સામેલ કરવાની માંગ કરવામાં આવી રહી છે. તે જ સમયે, મ્યાનમારના ચિન રાજ્ય અને મિઝોરમના લોકો સાથે વંશીય સંબંધો ધરાવતા કુકીઓ મણિપુરથી અલગ વહીવટની માંગ કરી રહ્યા છે.




## નરેન્દ્ર મોદી અમેરિકા જવા રવાના, સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભાવિ સમિટને સંબોધશે

નવીદિલ્હી,તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે અમેરિકા જવા રવાના થયા હતા. અહીં પીએમ મોદી તેમના વતન વિલ્મિંગ્ટનમાં જો બિડેન દ્વારા આયોજિત ક્વાડ સમિટમાં ભાગ લેશે અને ન્યુયોર્કમાં નેશન જનરલ એસેમ્બલીમાં ભાવિ સમિટને સંબોધિત કરશે. આ અંગે પીએમ નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, “આજે હું રાષ્ટ્રપતિ જો બિડેન દ્વારા તેમના વતન વિલ્મિંગ્ટનમાં આયોજિત ક્વાડ સમિટમાં ભાગ લેવા અને સંયુક્ત



રાષ્ટ્ર મહાસભામાં ભાવિ સમિટને સંબોધવા માટે અમેરિકાની ત્રણ દિવસની મુલાકાતે છું. તેમણે કહ્યું, "હું ક્વાડ સમિટ માટે મારા સાથીદારો પ્રમુખ જો બિડેન, વડાપ્રધાન અલ્બેનીઝ અને વડાપ્રધાન કિશિદા સાથે જોડાવા માટે આતુર છું.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા. ૨૨-૦૯-૨૦૨૪

શ્રી સરદાર પટેલ સોશ્યલ ગૃપ, તાલુકા સંગઠન દ્વારા

# બગસરામાં આજે તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે

**સવારનાં ૯ કલાકે યોજાનાર કાર્યક્રમમાં લેઉવા પટેલ સમાજનાં અગ્રણીઓ ઉપસ્થિત રહેશે**

અમરેલી, તા.૨૧

બગસરામાં આજરોજ શ્રી સરદાર પટેલ સોશ્યલ ગૃપ, તાલુકા સંગઠન દ્વારા ૨૮મો તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે. બગસરામાં આજરોજ તા. ૨૨ને રવિવારે સવારનાં ૯ કલાકે લેઉવા પટેલ સમાજવાડી ગોકુલપરા ખાતે ૨૮મો તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે. આ કાર્યક્રમમાં લેઉવા પટેલ સમાજનાં તેજસ્વી તારલાઓનું સન્માન, વિવિધ ક્ષેત્રમાં કાર્યરત જ્ઞાતિની તેજસ્વી પ્રતિભાઓનું સન્માન તથા પ્રતિભાશાળી વ્યકિતઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમનાં અધ્યક્ષ મથુરભાઈ કોટડીયા(અગ્રણી બિલ્ડર-અમદાવાદ) રહેશે. કાર્યક્રમનાં ઉદ્દઘાટક દેવજીભાઈ સોજીત્રા અને સંજયભાઈ શીંગાળા રહેશે. સમાજનાં રાજસ્વી ગૌરવ સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા ખાસ ઉપસ્થિત રહેશે. ઉદ્યોગરત્ન એવોર્ડ હિંમતભાઈ વી. વાગડીયાને આપવામાં આવશે. કિશાનરત્ન એવોર્ડ વર્ષાબેન ભાવેશભાઈ રૈયાણીને આપવામાં આવશે. વિશિષ્ટ સન્માન ડો. અલ્પેશ જે. કિકાણી (શાશ્વત હોસ્પિટલ-રાજકોટ) તેમજ સમાજ સેવક દેવચંદભાઈ સાવલીયાનું કરવામાં આવશે. રાષ્ટ્રપતિ એવોર્ડ સન્માનિત નિવૃત હોમગાર્ડઝ કમાન્ડન્ટ સુરેશભાઈ પાઘડાળનું સન્માન કરાશે. કાર્યક્રમનાં મુખ્ય વકતા તરીકે મોટીવેશનલ સ્પીકર શૈલેષભાઈ સગપરીયા રહેશે. આ કાર્યક્રમમાં લેઉવા પટેલ સમાજનાં રાજકીય, સામાજિક અને સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આજરોજ યોજાનારા આ કાર્યક્રમમાં પધારવા શ્રી સરદાર પટેલ સોશ્યલ ગૃપ, તાલુકા સંગઠનનાં પ્રમુખ પ્રદિપભાઈ નાકરાણી, મહામંત્રી કિરીટભાઈ સુહાગીયા તેમજ શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળીનાં ચેરમેન કિરીટભાઈ નળીયાધરા, વાઈસ ચેરમેન ધીરૂભાઈ પીપલીયાએ અનુરોધ કર્યો છે.

# રેતીચોરી અને દારૂના દુષણ સામે સાંસદને સણસણતો પત્ર પાઠવતા વિપુલ દુધાત

અમરેલી,તા.૨૧



અમરેલી જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ દુધાતે દારૂ અને રેતીચોરી બંધ કરાવવા માંગ કરી છે. વિપુલ દુધાત વાંરવાર ગેરકાયદેસર પ્રવૃતિઓ સામે રજૂઆતો કરતા આવે છે. આજે ફરીવાર અમરેલીના સાંસદ ભરત સુતરીયાને સંબોધીને પત્ર લખી રજૂઆતો કરવામાં આવી છે. સરકારી કચેરી દ્વારા પણ શેત્રુંજી નદીમાં કોઈ પણ પ્રકારની લીઝ મંજુર કરી નથી તેમ છતાં ખાણ ખનીજ વિભાગ અને પોલીસના અધિકારીઓની મીઠી નજર હેઠળ લીલીયા તાલુકામાં શેત્રુંજી નદીના પટમાંથી નદીમાં મોટા પ્રમાણમાં ખનીજ ચોરી થાય છે. લીલીયા તાલુકામાં દારૂનું ખુબજ દુષણ પણ મોટા પ્રમાણમાં વેચાણ થઈ રહ્યું છે. જે બાબતે પણ વારંવાર રજૂઆતો કરવા છતાં દારૂ બંધ કરવા પોલીસ વિભાગ દ્વારા નિરસતા દાખવેલ છે. લીલીયા તાલુકામાં ખાણ ખનીજ વિભાગ અને પોલીસ વિભાગ ગુજરાત સરકારના કાયદાનો અમલ કરવામા સંપૂર્ણ નિષ્ફળ ગયેલ છે તેમ અંતમાં વિપુલ દુધાતે જણાવેલ હતુ.

# અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પ્રશ્ન મંચ કાર્યક્રમ

અમરેલી, તા.૨૧



શિક્ષણ અને સંસ્કાર માટે અગ્રેસર એવા શ્રીજી વિદ્યાર્થી ભુવન અમરેલી ખાતે તા. ૨૧/૦૯/૨૦૨૪ ના રોજ શિક્ષણનાં ભાગરૂપે ધોરણ ૯ થી ૧૨ નાં વિદ્યાર્થીઓનું કિવઝનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ ૧૦ ટીમે ભાગ લીધેલ. જેમાં વિદ્યાર્થીઓને ત્રણ રાઉન્ડમાં પ્રશ્ન પૂછવામાં આવેલ. જેમાં વિજેતા થયેલ ટીમને પ્રથમ, દ્વિતિય તેમજ તૃતિય નંબર આપવામાં આવ્યા હતા.

# ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાની સ્કૂલ બેન્ડ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો

અમરેલી, તા.૨૧



એકતા દિવસ ઉજવણી નિમિત્તે ૨૦ સપ્ટેમ્બરના રોજ રેન્જ કક્ષાએ સ્કૂલ બેન્ડ સ્પર્ધાનું ભાવનગર ખાતે આયોજન કરાયું હતું. તેમાં ગુજરતના વિવિધ જિલ્લાઓની ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં અમરેલીના શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાંથી શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલના વિદ્યાર્થીઓની ટીમ દ્વારા જિલ્લા કક્ષાની સ્કૂલ બેન્ડ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ સાથે તૃતીય નંબર પ્રાપ્ત કરેલ છે. વિજેતા થયેલ ટીમમાં વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી દ્વારા પ્રથમવાર ભાગ લઈને તૃતીય નંબર મેળવવવા બદલ અભિનંદન પાઠવેલ છે.

# સાવરકુંડલાની શ્રી કે. કે. હાઈસ્કૂલમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા યોજાઈ



સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલાની શ્રી કે.કે હાઈસ્કૂલમાં તા.૨૦-૯-૨૪ને શુક્રવારના રોજ ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરીક્ષાનું સફળ સંચાલન શાળાના સુપરવાઈઝર કમલેશભાઈ ગોંડલીયાએ કરેલ. શાળાના બધા જ વિદ્યાર્થીઓ અને સંચાલકને પ્રિન્સિપાલ ચેતનકુમાર ગુજરીયાએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# રાજુલા ખાતે પધારેલ મુખ્યમંત્રીને "કવિની કલમે" પુસ્તક અર્પણ

અમરેલી, તા.૨૧



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા ખાતે લોકાર્પણ અને ખાતમુહૂર્તનાં પ્રસંગે પધારેલ ગુજરાત રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું સમૂહ ખેતી મુકામે કનુભાઈ ધાખડા તાલુકા પંચાયત સદસ્ય દ્વારા કવિ ગીગાબાપુ બારોટ રચિત "કવિની કલમે" પુસ્તક અર્પણ કરી સ્વાગત સન્માન કરવામાં આવેલ હતું. ધારાસભ્ય હીરાભાઈ સોલંકી રાજુલા, મહેશભાઈ કસવાલા સાવરકુંલા, બ્રહ્મસમાજના પ્રમુખ ધીરજભાઈ પુરોહિત ઉપસ્થિત રહ્યા હતા.

# પત્ની રિસાઈને પિયર જતી રહેતા પતિએ ગળાફાંસો ખાધો

જાફરાબાદ, તા.૨૧

જાફરાબાદમાં પતિ-પત્ની વચ્ચે ઝઘડા બાદ પત્ની રિસાઈને પિયર જતી રહી હતી. જેને લઈ પતિને લાગી આવતાં ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવ અંગે રાજુલાના ખેરામાં રહેતા લખમણભાઈ રણછોડભાઈ ગુજરીયા (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, કમલેશભાઈ લખમણભાઈ ગુજરીયા (ઉ.વ.૨૮)ના લગ્ન આશરે ૬ વર્ષ પહેલા થયા હતા. ત્રણેક દિવસ પહેલા પત્ની સાથે કોઈ કારણસર ઝઘડો થતા પત્ની રિસાઈને પોતાના ભાઈના ઘરે શિયાળબેટ જતા રહેતા લાગી આવ્યું હતું. જેથી તેણે પોતાના ઘરે પીઢીયામાં રેશમની દોરી વડે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.આર. ઝાલા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલા ખાતે ધારાસભ્ય જે.વી. કાકડીયાની હાજરીમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૧



ચલાલા ખાતે સરકારનાં હકારાત્મક અભિગમ સમાન સેવા સેતુ કાર્યક્રમ ધારાસભ્ય જે.વી. કાકડીયા દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં ધારાસભ્યએ હાજરી આપી હતી. અરજદારોનાં પ્રશ્નોનાં નિકાલ કરાયા હતા. તેમજ વિવિધ યોજનાઓનો લાભ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# લીલીયા મોટામાં જેટિંગ મશીનની ફાળવણી



લીલીયા, તા.૨૧

લીલીયા મોટામાં છેલ્લા ઘણા વર્ષથી ગટર સફાઈ બાબતે અવારનવાર તંત્રને રજૂઆત કરવામાં આવી છે. લીલીયા ગ્રામ પંચાયતને રૂ. ૪૨.૬૦.૦૦૦નું નવું જેટિંગ મશીન મુખ્યમંત્રી દ્વારા અર્પણ કરવામાં આવેલ છે. આ તકે ભાનુભાઈ ડાભી, વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, સરપંચ જીવનભાઈ વોરા સહિતના હાજર રહ્યા હતા.

# સાવરકુંડલાના વીજપડી ગામે માધવ સેવા ટ્રસ્ટ દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૨૧



સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે માધવ સેવા ટ્રસ્ટ દ્વારા આહીર સમાજની વાડી ખાતે ૧૧૮મો વિનામૂલ્યે નેત્ર નિદાન સાથે નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો હતો. વીજપડી માધવ સેવા ટ્રસ્ટ, લાયન્સ કલબ ઓફ અમરેલી, સુદર્શન નેત્રાલયના સહયોગથી આ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પને આંખના ડોકટરોની ટીમ દ્વારા ૧૭૫ દર્દીઓને આંખનું નિદાન, સારવાર અને દવાઓ વિતરણ કરવામાં આવી હતી અને ૨૬ દર્દીઓને મોતિયાના ઓપરેશનો વિનામૂલ્યે કરી આપવામાં આવ્યા હતા.

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY AB HAR HF DELUXE MEIN.
HF Deluxe
નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ, અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એક્સીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**સ્થાનિક પોલીસને અંધારામાં રાખી સ્ટેટ મોનીટરીંગ સેલ ત્રાટકી**

# વિકટર ગામ નજીક વરલી-મટકાના જુગાર પર દરોડો

**પોલીસે રૂ.૩.૧૩ લાખના મુદ્દામાલ સાથે ૧૫ શખ્સોને ઝડપી પાડયા**

અમરેલી,તા.૨૧

રાજુલા તાલુકામાં આવેલ વિકટર ગામ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનની હદમાં આવતો વિસ્તાર અહીં ચડાણી ચાર રસ્તાની બાજુમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમને વરલી મટકા જુગાર રમાતો હોવાની માહિતી મળતા પીએસઆઈ એ.વી.પટેલની ટીમ ત્રાટકતા રોકડ રકમ ૯૦,૩૫૦ જપ્ત કરી ૧૮ મોબાઈલ, ૮ જેટલા બાઈક વાહનો કુલ મુદામાલ રૂ.૩,૧૩,૮૫૦ સાથે ૧૫ શખ્સોને ઝડપી પાડ્યા હતા. રફીક અભાભાઈ જાખરા રે.ડુંગર વરલી મટકા રમાડનાર, આંકડા લખનાર, રિઝવાન રૂસ્તમભાઈ પઠાણ રે.સાવરકુંડલા, વરલી મટકામાં પાર્ટનર, અલીખાન કાસમભાઈ પઠાણ રે.સાવરકુંડલા, ઈનાયત રેહમાનભાઈ પઠાણ આંકડા લખનાર રે,સાવરકુંડલા,ઈબ્રાહિમ ફતેભાઈ ગોરી, રે.સાવરકુંડલા, ચંદુ ચીથરભાઈ સંઘાત રે.વિકટર, રમેશ રતીભાઈ ગોહિલ રે.મહુવા, આરીફ અમીનભાઈ ગાહા રે.ડુંગર, આતુ લાખાભાઈ રે. મહુવા,મગનભાઈ વિશાભાઈ બાંભણીયા રે.વિકટર, વજુ મનસુખભાઈ બાભણીયા રે.વિકટર, ભાવેશ મગનભાઈ ચોહાણ રે. મહુવા, રાજુ માધુભાઈ દોઢીયા રે. મહુવા, સંજય કનુભાઈ ચાવડા રે.વિકટર, હરેશ ચીથરભાઈ ચૌહાણ રે. મોરંગી સહિત કુલ ૧૫ જેટલા આરોપીને સ્થળ ઉપરથી ઝડપી લીધા હતા.



મુખ્ય આરોપી રેહમાન દાઉદભાઈ ગાહા રે.વિકટર આંકડાનો મુખ્ય ધંધાર્થી, શાંતિલાલ બાબુભાઈ ચૌહાણ રે. વિકટર, રતિલાલ કરશનભાઈ રે. મહુવા,બુઘો રે.પીપાવાવ ધામ સહિત આરોપીઓ ફરાર છે, તેના તપાસ દરમ્યાન નામ ખુલ્યા છે. હાલ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી મુદામાલ જપ્ત કરી સોંપવામાં આવ્યો છે. આ રેડ પડતા સ્થાનિક પીપાવાવ મરીન પોલીસમાં ફફડાટ ફેલાયો અને નજીકમાં આવેલ ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસકર્મચારીઓમાં પણ દોડધામ મચી હતી. આમ, સ્થાનિક પોલીસને અંધારામાં રાખી સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડો પાડવામાં આવતા સ્થાનિક પોલીસની કામગીરી સામે સવાલો ઉભા થયા છે. અત્રે નોંધનીય છે કે થોડા દિવસો પહેલા એસએમસીની ટીમ દ્વારા આ પંથકમાંથી મોટા પ્રમાણમાં દેશી દારૂ ઝડપી પાડવામાં આવ્યો હતો. જો કે પોલીસની રેઈડ દરમિયાન અન્ય આરોપીઓ નાસી ગયા હોવાથી પોલીસે આરોપીઓને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ધાતરવડી સિંચાઈ-૧ ડેમનું પાણી છોડવા માટે જિગ્નેશ પટેલની રજૂઆત

રાજુલા, તા.૨૧

રાજુલા માર્કેટ યાર્ડના પ્રમુખ જિગ્નેશ પટેલે ધાતરવડી સિંચાઈ-૧ ડેમનું ઓવર ફ્લોનું પાણી કેનાલમાં છોડવા માટે ધારાસભ્ય હિરાભાઈ સોલંકીને પત્ર લખ્યો છે જેની નકલ સિંચાઈ વિભાગના અધિકારીઓને પણ મોકલવામાં આવી છે. પત્રમાં જણાવ્યા અનુસાર, ધાતરવડી સિંચાઈ-૧ ડેમ નજીકના ગામોના ખેડૂતોને મળેલ મૌખિક રજૂઆતમાં જણાવ્યા મુજબ, ડેમનું પાણી દરિયામાં વહી જાય છે. હાલ વરસાદની ખેંચ હોવાથી ખેડૂતોના ખેતરમાં વાવેતર કરવામાં આવેલ પાકને પાણીની ખૂબ જરૂર હોય, જેથી આ પાણી કેનાલમાં છોડવામાં આવે તો ૧૩ જેટલા ગામોના ખેડૂતોના ખેતરમાં વાવેતર કરેલ કપાસ, મગફળી, સોયાબીન વિગેરે પાકને પાણી મળી રહે, જેથી ખેડૂતોનો પાક બચી શકે તેમ છે. પાણી છોડવાથી લાભ મેળવનાર ગામોમાં કેનાલ વિસ્તાર નજીક આવતા ધારેશ્વર, દિપડીયા, નાના રીંગણીયાળા, નવી-જૂની માંડરડી, વડલી, ચારોડીયા, રાજુલા, ઝાંઝરડા, કુંડલીયાળા, બર્બટાણા, વાવેરા, જાપોદર જેવા અંદાજે ૧૩ જેટલા ગામોનો સમાવેશ થાય છે. આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા પટેલે માંગ કરી છે.

**હાલ વરસાદની ખેંચ હોવાથી ખેડૂતોના ખેતરમાં વાવેતર કરવામાં આવેલ પાકને પાણીની ખૂબ જરૂર હોય છે**

# રાજુલાની એચ.બી.સંઘવી મહિલા કોલેજ NSS યુનિટ દ્વારા બસ સ્ટેન્ડમાં સ્વચ્છતા અભિયાન



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૨૧

એચ.બી.સંઘવી મહિલા કૉલેજ એનએસએસનાં સ્વયમ સેવિકા બહેનો દ્વારા બસ સ્ટેન્ડ પરિસરમાં ×સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા× શીર્ષક અંતર્ગત એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં રાજુલા એસ.ટી.ડેપો મેનેજર મમતાબેન જોશી તથા હોદેદાર ચાંદુભાઈ તથા કૉલેજ પ્રિન્સિપાલ ડો.રીટાબેન રાવલ તથા એનએસએસ પ્રોગ્રામ ઑફિસર જાગૃતિબેન તેરૈયા તથા ભગવતીબેન વડીયા તથા સર્વે એસ.ટી કર્મચારીએ હાજરી આપી હતી. સ્વચ્છતા અભિયાનમાં એસ.ટી.મુસાફરો પણ જોડાયા હતા.

# ચલાલામાં સ્કૂલે જવા નીકળેલો કિશોર લાપતા

ચલાલા, તા.૨૧

ચલાલામાં રહેતો એક કિશોર ઘરેથી સ્કૂલે જવા નીકળ્યો હતો. જે બાદ તે ગુમ થયો હતો. જેને લઈ અનેક તર્ક વિતર્ક શરૂ થયા હતા. બનાવ અંગે મનિષભાઈ જમનભાઈ સોલંકી (ઉ.વ.૩૪)એ જાહેર કર્યા મુજબ, તેમનો ૧૫ વર્ષીય પુત્ર સવારે ૭.૩૦ કલાકે ઘરેથી સ્કૂલે જવા નીકળ્યો હતો. પરંતુ બપોર એકાદ વાગ્યા સુધી ઘરે ન આવતા તેમણે સગા સબંધીઓ, ગામમાં તેમજ મીઠાપુર(ડું) ગામ ખાતેની સરકારી પ્રાથમિક શાળામા તપાસ કરી કરાવતા મળી આવ્યો નહોતો. જેનું કોઈ અજાણી વ્યક્તિ લલચાવી ફોસલાવી તેમના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો.

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા લેડીઝ/જેન્ટસ
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

ગોડાઉન ભાડે આપવાના છે.
જી.આઈ.ડી.સી.માં કુલ ૩ ગોડાઉન ભાડે આપવાના છે.
શીતલ આઈસ્કીમની બાજુમાં
અશોકભાઈ 94269 63633
તેજસભાઈ 82008 94309

# PM શ્રી વડનગર-૨ પ્રાથમિક શાળામાં CRC કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો



અમરેલી, તા.૨૧

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ-ગાંધીનગર પ્રેરિત, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-અમરેલી તથા બીઆરસી ભવન રાજુલા માર્ગદર્શિત સીઆરસી રાજુલા કન્યા શાળા-૧ આયોજિત ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન (વિજ્ઞાન મેળા)નું આયોજન PM શ્રી વડનગર-૨ પ્રાથમિક શાળામાં ૧૮ના રોજ યોજવામાં આવેલ. આ વિજ્ઞાન મેળામાં બીઆરસી કો-ઓર્ડીનેટર અજયભાઈ ખુમાણ, કેળવણી નિરીક્ષક લાલજીભાઈ સિંધલ તેમજ શાળાના આચાર્ય ડો. ગીતાબેન બગડા ઉપસ્થિત રહેલ. નિર્ણાયક તરીકે જે. એ. હાઈસ્કૂલના ચંદોરા તેમજ ટી.જે. બી.એસ. હાઈસ્કૂલના મયુરીબેન હડિયાએ કામગીરી કરી હતી. આ કાર્યક્રમમાં CRCમાં સમાવિષ્ટ ૧૨ શાળાઓમાંથી વિવિધ પાંચ વિભાગમાં ૩૦ જેટલી વિજ્ઞાનની કૃતિઓ રજૂ થયેલ હતી. વિજ્ઞાન મેળામાં ભાગ લીધેલ તમામ બાળ વૈજ્ઞાનિકો તેમજ માર્ગદર્શક શિક્ષકને પ્રમાણપત્ર અને ઈનામ આપવામાં આવેલ. સીઆરસી કક્ષાએ પસંદ થઈ દરેક વિભાગમાંથી એક-એક કૃતિને તાલુકા કક્ષાના વિજ્ઞાન મેળામાં મોકલાશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સીઆરસી કો- ઓર્ડીનેટર મનજીભાઈ સરવૈયાએ કર્યું હતું.

પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
PROFESSIONAL spa Amreli
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુકિતધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665

શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY GOVERNMENT DONE SITE

## કુલ મુખત્યારનામુ રદ કરવા અંગેની :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર **પટેલ નિર્મળાબેન ઘનશ્યામભાઈ**, રહે અમરેલીના આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,... મારા સ્વતંત્ર નામે અને માલિકી હક્કે અમરેલી જીલ્લાનાં અમરેલી તાલુકાનાં અમરેલી ગામે સુધરાઈ હદમાં ચિતલ રોડ રસ્તે રે.સ. નંબરઃ ૩૬/૧ ની બિનખેડવાણ જમીન માંહેમાં આવેલ શ્રી શકિત મહિલા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. નાં પ્લોટ નંબર :૧૪ ની જમીનમાં આવેલ રહેણાંક મકાન જેનું ક્ષેત્રફળ ૧૭૮-૦૦ ચો.મી. તથા ૨૧૩-૦૫ ચો.વાર છે તે રહેણાંક મિલ્કત આવેલ જે રહેણાંક મિલ્કતનો વેચાણ દસ્તાવેજ નોંધણી કરી આપવા,દસ્તાવેજ રજુ કરવા, બાનાખત નોંધણી કરી આપવા વિગેરે તમામ વહીવટી કામગીરી મારા વતી કરી આપવા માટે મારા ભરોસાના અને વિશ્વાસુ મારા પતિ શ્રી **પટેલ ઘનશ્યામભાઈ વલ્લભભાઈ અકબરી** ના નામ જોગ સબ રજીસ્ટ્રાર કચેરી અમરેલીમાં તારીખ : ૨૧/૦૯/૨૦૨૦ ના રોજ નોંધણી કરવામાં આપેલ કુલમુખત્યારપત્ર, દસ્તાવેજ નંબરઃ ૨૭૩૫ થી લખી આપેલ જે અસલ કુલમુખત્યારપત્ર અમારા થી નોંધણી થયા બાદ ખોવાય ગયેલ છે કે રસ્તામાં પડી ગયેલ છે અને આજદીન સુધી ધણી શોધખોળ કરવા છતા લખી આપેલ અસલ કુલમુખ્યારપત્ર મળી આવેલ નથી જેથી ઉપરોકત અસલ કુલ મુખત્યારપત્રનો કોઈપણ ત્રાહીત ઈસમો દ્વારા ગેરઉપયોગ મારા નામે કરવામાં ન આવે તેના માટે ઉપરોકત કુલમુખત્યારપત્ર કાયમી રદ કરેલ છે. તેમજ અમો નીચે સહી કરનારે ઉપરોકત જણાવેલ રહેણાંક મકાનનો ખરીદનારના નામ જોગ વેચાણ દસ્તાવેજ નોંધણી કરાવી આપેલ છે.જેથી પણ ઉપરોકત જણાવેલ કુલમુખત્યારપત્ર મેં કરી આપેલ વેચાણ દસ્તાવેજ તારીખથી કાયમી આપોઆપ રદ બાતલ છે તેમ છતા અમો નીચે સહી કરનાર અમારી રાજીખુશીથી આજરોજ કાયમી રદ કરીએ છીએ. જેથી ઉપરોકત જણાવેલ મિલ્કત બાબતે જો કોઈપણ ઈસમ દ્વારા અમારા અસલ ખોવાયેલ કુલમુખત્યારપત્રનો ગેરઉપયોગ કરેલ હોય કે ભવિષ્યમાં કરે તો તે અમો સહી કરનારને બંધનકર્તા રહેશે નહી અને તેવા ગેરઉપયોગ વ્યવહારોની સંપૂર્ણ જવાબદારી તેવા ઈસમ અને વ્યવહાર કરનાર પક્ષકારોની અંગત રહેશે જેની જાહેર જનતા જાણ લેશો.

સહી
**પટેલ નિર્મળાબેન ઘનશ્યામભાઈ**
સહી
**પટેલ ઘનશ્યામભાઈ વલ્લભભાઈ અકબરી**

**સ્થળઃ: અમરેલી**
**તારીખઃ ૨૧/૦૯/૨૦૨૪**

## અમરેલી ખાતે યોજાયેલી

# સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભામાં રાજ્યપાલની ઉપસ્થિતિ



અમરેલી, તા.૨૧

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી આજે અમરેલી ખાતે યોજાયેલી જિલ્લાની વિવિધ ૧૬ સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, રાજકોટ સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, અમરેલી સાંસદ ભરતભાઈ સુતરિયા, ઈફ્કો ચેરમેન દિલીપભાઈ સંઘાણી, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવિયા, સહકારી આગેવાનો સહિતનાઓએ દીપ પ્રાગટ્ય કર્યુ હતું. રાજ્યપાલે જણાવ્યું હતું કે સહકારિતા એ એક જનઆંદોલન છે, તેનું વ્યાવહારિક સ્વરુપ એ ગુજરાતની દેન છે. અમૂલ (ધ ટેસ્ટ ઓફ ઈન્ડિયા) નું દૃષ્ટાંત ટાંકી ડેરી અને પશુપાલન ક્ષેત્રમાં રહેલી તકોનો તેમણે પરિચય આપ્યો હતો. પશુધન ઓલાદના સંવર્ધન માટે વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવી તે માટેના પ્રયાસો થાય તે અનિવાર્ય છે. ઓછાં ખર્ચે વધુ સારુ પશુપાલન થાય તે માટે ભારતીય દેશી પશુ ઓલાદના સેક્સ સૉર્ટેડ સિમન રુ.૫૦ જેવી નજીવી કિંમતે મળી રહેશે જે પશુપાલન ક્ષેત્રે ક્રાંતિ સર્જી શકે તેમ છે,

રાજયપાલના હસ્તે સહકારી ક્ષેત્રના પીઢ અનુભવી ૧૦૧ વર્ષીય નારણભાઈ શામજીભાઈ ભંડેરી અને હરિભાઈ કાળાભાઈ સાંગાણીનું વડીલ વંદના-સન્માન કરવામાં આવ્યુ હતું. અમર ડેરીમાં વાર્ષિક ધોરણે સૌથી વધુ દૂધ ભરનાર પશુપાલક મહિલાઓને પ્રમાણપત્ર અર્પણ કરી તેમને બિરદાવવામાં આવ્યા હતા.પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટ સાંસદ પરસોત્તમભાઈ રુપાલાએ કહ્યુ કે, અમરેલી ખાતે આઈ.વી.એફ. લેબોરેટરીની સ્થાપના થકી અદ્યતન પશુ ઓલાદ સુધારણામાં લાભ મળશે. મહિલા મંડળી દ્વારા કરવામાં આવેલી રુ.૧૧ કરોડ જેટલી રકમની બચતને પ્રેરક હોવાનું જણાવી 'બચત બીજો ભાઈ' એ કહેવત જણાવી પરસોત્તમભાઈ રુપાલાએ બચત કરવા અનુરોધ કર્યો હતો. સાંસદ ભરતભાઈ સુતરિયાએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં અમર ડેરીના પ્રારંભ અને વિકાસની વિગત જણાવી. તેમણે કહ્યુ કે, સહકારથી સમૃદ્ધિ મેળવી શકાય છે. ગીર ગાયનું સંવર્ધન થતાં સ્થાનિક સ્તરે રોજગારીની ઉત્તમ તકોનું સર્જન થયું છે તેના લીધે સ્થળાંતર ઓછું થશે. નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ અમરેલીને સહકાર ક્ષેત્રનું હબ હોઈ પશુપાલકો માટે અનેકવિધ પ્રવૃત્તિઓ અને વ્યવસ્થા અને રોજગારીની તકોના નિર્માણ માટે તક હોવાનું જણાવ્યું હતું. વિવિધ સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના વાઈસ ચેરમેન અરુણ પટેલે કર્યુ હતુ. આભાર દર્શન મુકેશભાઈ સંઘાણીએ કર્યુ હતું. બાળાઓએ, પ્રાકૃતિક કૃષિના મહત્વ 'ધરતી કહે પુકાર કે' સાંસ્કૃતિક કૃતિ રજૂ કરી હતી, આ પ્રસંગે કલેકટર અજય દહિયા, ડીડીઓ પરિમલ પંડ્યા, એસપી હિમકર સિંઘ, સહકારી અગ્રણીઓ, વિવિધ સહકારી મંડળીઓના આગેવાનો, પદાધિકારીઓ, અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સહકારી ક્ષેત્રના વિકાસ થકી રોજગારીની તકોમાં વધારો : દિલીપ સંઘાણી

નેશનલ કો-ઓપરેટીવ યુનિયન ઓફ ઇન્ડિયા, ઇફકો, ગુજકોમાસોલ અને અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે, સહકારી ક્ષેત્રના વિકાસ થકી રોજગારીની તકોમાં વધારો થાય છે. ઉપરાંત 'સહકારથી સમૃદ્ધિ'ના ઉમદા વિચારને બળ મળે છે. કુપોષણ નાબૂદી માટે પ્રધાનમંત્રીએ પોષણ અભિયાન અમલી કરાવ્યું છે, પોષણ અભિયાનને સાર્થક કરવા દૂધ એ સંજીવનીનું કાર્ય કરશે.

### કૌશિક વેકરીયાને અભિનંદન પાઠવતા રાજયપાલ

રાજયપાલે પ્રાકૃતિક કોલેજ અમરેલીમાં લાવવા બદલ ધારાસભ્ય કૌશિક વેકરીયાને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ ગાય બચાવવી હોય તો ખેડૂતના ઘરે ગાય હોવી જોઈએ તેમ જણાવ્યું હતુ તેમજ સારી નસલની ગાય રાખવાનો પશુપાલકોને અનુરોધ કર્યો હતો.

# સા.કુંડલામાં મુખ્યમંત્રીનું સન્માન કરતા આગેવાનો



સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલામાં રેલ્વે ફાટક નં. ૬૭ ઉપર ઓવરબ્રિજના કામનું ખાતમુહૂર્ત કરવા પધારેલા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું સન્માન કરવા એ.પી.એમ.સી. સાવરકુંડલા અને તાલુકા સહકારી સંઘના ચેરમેન દિપકભાઈ માલાણીની સાથે શેલણાના સરપંચ મહેશભાઈ જેબલિયા અને ડિરેકટરો હાજર રહ્યા હતા.

# મોટી કુંકાવાવમાં ફાયનાન્સ, બેંકના હપ્તા ન ભરી શકનારા યુવકે ઝેરી દવા ગટગટાવતાં સારવારમાં મોત

### ઉઘરાણીનો ફોન અને આર્થિક સંકડામણથી કંટાળી અંતિમ પગલું ભર્યુ

વડીયા, તા.૨૧

મોટી કુંકાવાવમાં રહેતા એક યુવકે ધંધા માટે ફાઈનાન્સ તથા બેંકમાંથી લોન લીધી હતી. પરંતુ સમયસર હપ્તા ન ભરી શકતા ફોન આવતા હતા. ઉઘરાણીવાળાના ફોન અને આર્થિક સંકડામણના કારણે યુવકે ઝેરી દવા પીતા સારવારમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મોત થયું હતું. બનાવ અંગે સુહાનાબેન ઈમરાનભાઈ મુલતાની (ઉ.વ.૨૬)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ ઈમરાનભાઈ ઈબ્રાહીમભાઈ મુલતાની (ઉ.વ.૩૫)એ છેલ્લા બે વર્ષથી કામધંધા માટે જુદી જુદી ફાઈનાન્સ તથા બેન્કમાંથી આશરે રૂપિયા સાડા પંદર લાખની લોન લીધી હતી.

તેમનો કામધંધો બરાબર ચાલતો નહોતો. જેથી લોનના હપ્તા ભરી શકતા નહોતા અને ફાઈનાન્સ તથા બેન્ક વાળા અવાર-નવાર લોનના પૈસા ભરી જવા ઉઘરાણીના ફોન કરતા હતા.

તેમજ આર્થિક સંકડામણના કારણે હપ્તા ભરી શકાય તેવી પરિસ્થિતિ ન હોવાથી જીંદગીથી કંટાળી જઈ પોતાની મેળે ઘઉંમાં નાંખવાનો ઝેરી દવાનો પાવડર પી' લેતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. વડીયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ કે.એમ.વાઢેર વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલામાં ઝેરી દવાની અસરથી પરપ્રાંતિય શ્રમિકનું મોત નિપજ્યું

ચલાલા, તા.૨૧

ચલાલા સહિત અમરેલી જિલ્લામાં ખેતીકામમાં હાલ દવાનો છંટકાવ થઈ રહ્યો છે. આ દરમિયાન એક પરપ્રાંતિય યુવકનું દવાનો છંટકાવ કરતી વખતે મોત થયું હતું. બનાવ અંગે મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના બોરદના અને હાલ ચલાલામાં રહેતા ભરતભાઈ દિલીપભાઈ ભીલ (ઉ.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, રાહુલભાઈ ભગવાનભાઈ ભીલ (ઉ.વ.૨૧) નરેશભાઈ મોહનભાઈ કાથરોટીયાની વાડીએ તેમજ વિઠલભાઈ રામભાઈ દેસાઈ રહે.ચલાલા વાળાઓની વાડીએ કપાસના વાવેતરમાં ઝેરી દવાનો છંટકાવ કરતા હતા. તે સમયે ઝેરી દવાના છંટકાવની અસર થતા જાડા ઉલ્ટી થતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. ચલાલા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ નિરજકુમાર ભીખાલાલ દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૬૮૦ |
| ઘઉં લોકવન | ૫૩૫ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૧૧ |
| જુવાર સફેદ | ૭૫૫ | ૮૨૮ |
| જુવાર લાલ | ૭૦૦ | ૮૫૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૨ |
| બાજરી | ૪૩૦ | ૪૮૦ |
| તુવેર | ૧૫૧૫ | ૨૧૬૧ |
| ચણા પીળા | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ચણા સફેદ | ૨૩૦૦ | ૩૦૮૦ |
| અડદ | ૧૨૩૫ | ૧૭૮૬ |
| મગ | ૧૩૫૦ | ૧૬૭૫ |
| વાલ દેશી | ૧૨૦૦ | ૧૯૫૦ |
| ચોળી | ૧૭૦૦ | ૨૬૦૦ |
| વટાણા | ૪૨૪ | ૨૫૦૨ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૯૧૦ | ૧૧૩૮ |
| મગફળીજીણી | ૧૦૯૦ | ૧૩૭૯ |
| તલી | ૨૧૦૦ | ૨૬૫૦ |
| સુરજમુખી | ૫૪૦ | ૬૩૦ |
| એરંડા | ૧૧૨૫ | ૧૨૨૦ |
| અજમો | ૧૪૫૦ | ૨૭૭૫ |
| સુવા | ૧૪૦૦ | ૧૬૩૪ |
| સોયાબીન | ૮૮૦ | ૯૦૬ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૨૦૦ |
| કાળા તલ | ૩૨૦૦ | ૩૮૦૦ |
| લસણ | ૩૩૧૧ | ૫૦૧૧ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૩૨ |
| ધાણી | ૧૧૫૦ | ૧૬૦૦ |
| વરીયાળી | ૯૪૫ | ૧૨૮૦ |
| જીરૂ | ૪૩૭૫ | ૪૮૬૦ |
| રાય | ૧૦૫૦ | ૧૩૩૫ |
| મેથી | ૧૦૩૦ | ૧૩૩૦ |
| અશેરીયો | ૧૯૫૪ | ૧૯૫૪ |
| કલોંજી | ૨૮૦૦ | ૩૮૧૮ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૬૮ |
| રજકાનું બી | ૪૨૦૦ | ૫૩૦૦ |
| ગુવારનું બી | ૧૦૦૩ | ૧૦૩૦ |

**રાજકોટ(શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૩૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૪૧ |
| ડુંગળી સુકી | ૪૦૦ | ૯૮૫ |
| ટમેટા | ૪૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૨૦૦૦ | ૩૫૦૦ |
| મુળા | ૩૩૦ | ૫૨૦ |
| રીંગણા | ૬૦૦ | ૧૨૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૧૫૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૯૮૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૩૦૦ | ૫૫૦ |
| સરગવો | ૭૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૫૦૦ |
| પરવળ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| કંટોળા | ૮૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૩૩૦ | ૫૨૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૧૪૦૦ | ૨૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૫૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૫૦ |
| મગફળીલીલી | ૩૫૦ | ૬૫૦ |
| મકાઇ લીલી | ૧૬૦ | ૪૦૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શીંગમઠડી | ૧૦૪૫ | ૧૦૯૯ |
| શીંગમોટી | ૭૫૧ | ૧૧૦૦ |
| શીંગદાફાડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૬૪૦ | ૨૮૩૨ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૬૫૦ |
| બાજરો | ૩૭૨ | ૪૮૧ |
| જુવાર | ૩૭૬ | ૭૭૭ |
| ઘઉંટુકડા | ૪૫૦ | ૫૮૮ |
| ઘઉંલોકવન | ૫૩૮ | ૫૯૯ |
| મગ | ૧૧૧૧ | ૧૫૯૦ |
| અડદ | ૧૩૫૬ | ૧૬૨૬ |
| ચણા | ૧૧૫૦ | ૧૪૯૯ |
| તુવેર | ૯૮૦ | ૧૯૫૫ |
| વાલ | ૧૪૬૫ | ૧૪૬૫ |
| કપાસ | ૯૬૦ | ૧૬૪૦ |
| એરંડા | ૧૦૩૦ | ૧૨૨૫ |
| જીરૂ | ૧૮૨૫ | ૪૬૨૦ |
| રાયડો | ૯૦૦ | ૯૦૦ |
| ધાણા | ૮૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૮૪૦ | ૧૧૦૩ |
| સોયાબીન | ૮૭૫ | ૮૮૮ |
| વરીયાળી | ૮૦૦ | ૧૦૯૫ |

**અમરેલી(શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણાં | ૭૦૦ | ૮૦૦ |
| ફુલાવર | ૫૨૦ | ૬૩૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૭૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૧૫૫૦ | ૧૬૦૦ |
| ગાજર | ૪૭૦ | ૫૯૦૦ |
| દૂધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મૂળા | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૫૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચોળાલીલા | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૨૨૦૦૦ | ૩૨૦૦ |
| મેથીભાજી | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ફુદીનો | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૧૦૦૦ |
| બીટ | ૪૩૦ | ૫૨૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૫૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૩૦ |
| ડુંગળી સૂકી | ૫૦૦ | ૯૨૦ |
| લસણ સૂકું | ૫૦૫૦ | ૬૦૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| પાલક | ૮૦૦ | ૧૦૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૩૯૩ | ૧૬૭૭ |
| મગફળી | ૯૨૫ | ૯૭૫ |
| જીરૂ | ૪૦૪૦ | ૪૭૦૦ |
| તલ | ૨૩૧૦ | ૨૫૭૦ |
| ઘઉં | ૪૮૮ | ૫૭૨ |
| અડદ | ૧૨૯૦ | ૧૪૭૦ |
| મગ | ૧૪૧૦ | ૧૬૩૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગજીણી | ૮૦૦ | ૧૦૦૦ |
| શીંગમોટી | ૧૦૫૦ | ૧૧૬૬ |
| તલસફેદ | ૨૪૦૦ | ૨૬૪૦ |
| તલકાળા | ૨૮૦૦ | ૩૧૫૦ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૬૫૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૬૭૩ |
| ઘઉંલોકવન | ૪૭૬ | ૫૯૭ |
| ઘઉંટુકડા | ૫૪૧ | ૫૯૨ |
| બાજરો | ૪૦૦ | ૪૯૦ |
| જુવાર | ૬૦૧ | --- |
| મકાઈ | ૩૫૦ | ૫૫૩ |
| અડદ | ૧૭૦૨ | --- |
| ચણા | ૧૧૮૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૮૧૯ | --- |
| એરંડી | ૧૦૦૯ | ૧૧૬૦ |
| ધાણા | ૮૦૦ | ૧૪૦૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળીજી-૨૦ | ૭૧૧ | ૧૧૨૦ |
| મગફળી૩૨ | ૮૦૦ | ૧૦૫૮ |
| મગફળી નવી | ૭૩૦ | ૧૧૬૯ |
| બાજરો | ૪૦૦ | ૫૧૩ |
| ઘઉં | ૫૦૦ | ૬૦૪ |
| તલ | ૨૨૪૦ | ૨૬૨૨ |
| તલ કાળા | ૩૦૧૧ | ૩૭૭૮ |
| સોયાબીન | ૮૫૦ | ૯૦૬ |
| જુવાર | ૬૦૦ | ૭૮૧ |
| અડદ | ૮૦૦ | ૧૮૪૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૨૬ |
| રજકો | ૩૨૦૦ | ૪૭૫૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૬૩૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૭૧ |
| બાજરી | ૩૦૦ | ૪૪૦ |
| મકાઈ | ૪૦૦ | ૫૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૪૮ |
| મગફળી | ૬૭૦ | ૯૯૦ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૪૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૭૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૮૧ | ૧૫૫૦ |
| ઘઉં | ૫૧૧ | ૫૧૧ |
| કાળાતલ | ૩૫૧૦ | ૩૫૧૦ |
| સોયાબીન | ૮૫૦ | ૮૫૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૫૭૦ |
| મગ | | |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૫૫૫ |
| સોયાબીન | ૮૬૩ | ૮૬૩ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૩૪૦ |
| ધાણા | ૯૯૫ | ૯૯૫ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૫૦૦ |
| શીંગદાણા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| મગફળી | ૭૩૦ | ૮૯૯ |
| અડદ | ૧૧૦૦ | ૧૨૭૦ |
| મેથી | ૧૦૭૦ | ૧૦૭૦ |
| રજકા બી | ૨૮૫૦ | ૨૮૫૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૧ | ૧૬૨૧ |
| ઘઉં | ૫૩૦ | ૬૦૪ |
| ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૬૨ |
| મગફળીજાડી | ૬૦૦ | ૧૧૭૧ |
| મગફળીનવી | ૭૦૦ | ૧૧૦૧ |
| સીંગદાણા | ૧૧૦૧ | ૧૩૭૧ |
| સીંગફાડા | ૮૫૦ | ૧૩૫૧ |
| એરંડા | ૯૦૦ | ૧૨૧૬ |
| તલ | ૧૮૦૦ | ૨૬૫૧ |
| કાળા તલ | ૨૪૭૬ | ૩૬૧૬ |
| જીરૂ | ૩૯૦૧ | ૫૦૩૧ |
| વરિયાળી | ૧૦૨૬ | ૧૦૬૧ |
| ધાણા | ૯૫૧ | ૧૫૪૧ |
| ધાણી | ૧૧૦૧ | ૧૭૨૬ |
| લસણ | ૧૭૫૧ | ૫૨૬૧ |
| ડુંગળી | ૩૭૧ | ૯૧૬ |
| બાજરો | ૨૮૧ | ૪૬૧ |
| જુવાર | ૭૪૧ | ૭૭૧ |
| મકાઈ | ૪૭૧ | ૬૨૧ |
| મગ | ૧૦૧૧ | ૧૫૭૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૪૫૧ |
| વાલ | ૪૮૧ | ૧૮૮૧ |
| અડદ | ૧૧૩૧ | ૧૭૭૧ |
| ચોળા/ચોળી | ૬૭૬ | ૧૮૦૧ |
| તુવેર | ૧૨૩૧ | ૨૧૦૧ |
| સોયાબીન | ૭૨૬ | ૮૮૬ |
| રાઈ | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ગોગળી | ૪૨૬ | ૧૦૦૧ |
| કાંગ | ૫૦૧ | ૧૧૦૧ |
| ચણા સફેદ | ૧૪૦૧ | ૨૮૪૧ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ નવો | ૧૧૦૧ | ૧૩૪૩ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૦૫૦ |
| ઘઉં | ૪૭૬ | ૪૭૬ |
| જીરૂ | ૪૪૫૨ | ૪૪૫૨ |

**જામનગર**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૬૦ | ૧૫૬૦ |
| બાજરો | ૪૩૫ | ૪૭૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૫૧ |
| મગ | ૧૨૦૦ | ૧૭૪૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૮૨૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૯૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ચણાસફેદ | ૧૩૯૯ | ૨૮૭૫ |
| મગફળીજીણી | ૮૦૦ | ૧૦૩૫ |
| એરંડા | ૧૧૨૦ | ૧૨૨૮ |
| તલ | ૨૨૦૦ | ૨૫૮૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૫૩ |
| રાઈ | ૧૦૦૦ | ૧૨૦૫ |
| લસણ | ૧૨૦૦ | ૫૦૦૦ |
| જીરૂ | ૨૮૫૦ | ૪૮૫૫ |
| અજમો | ૨૫૦૫ | ૩૦૭૫ |
| ધાણા | ૭૪૦ | ૧૩૯૦ |
| ડુંગળી સુકી | ૫૬૫ | ૯૨૫ |
| સીંગદાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૯૦૦ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ૬૬ | ૯૧૫ | ૧૨૮૬ |
| શીંગ૩૯ | ૮૦૦ | ૧૧૧૫ |
| શીંગજી૨૦ | ૫૭૦ | ૧૧૧૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૩૭ |
| જુવાર | ૨૦૦ | ૭૯૫ |
| બાજરી | ૪૫૦ | ૪૯૩ |
| ઘઉં ટુકડા | ૫૧૮ | ૬૦૩ |
| મકાઈ | ૫૨૩ | ૫૨૩ |
| મગ | ૭૩૨ | ૧૪૯૦ |
| ચણા | ૧૩૫૭ | ૧૩૯૭ |
| તલસફેદ | ૨૨૫૦ | ૨૬૫૦ |
| ડુંગળીલાલ | ૧૪૦ | ૯૨૪ |
| ડુંગળી સફેદ | ૧૫૫ | ૭૨૫ |
| નાળીયેર | ૫૩૦ | ૨૩૦૧ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| તલસફેદ | ૧૫૦૦ | ૨૬૪૦ |
| કપાસ | ૧૧૧૫ | ૧૬૩૫ |
| બાજરો | ૪૦૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૨૫ |
| જુવાર | ૫૦૫ | ૮૬૦ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૮૦ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૭૫૦ |
| એરંડી | ૧૦૫૧ | ૧૦૫૧ |

# છપ્પનની છાતી તો યહૂદીઓ અને મોસાદની જ, પ્રજાએ શું શીખવાનું છે?

વિચાર વલોણું



જયવંત પંડ્યા

૧૭ સપ્ટેમ્બરે લેબેનોનમાં ઇઝરાયેલ વિરુદ્ધ ત્રાસવાદ ફેલાવવાનું કામ કરતા હિઝબુલ્લાહના ત્રાસવાદીઓના પેજરમાં મોટા પાયે ધડાકાઓ થયા. તેમાં મૃત્યુ તો નવનાં જ થયાં પરંતુ ૨૭૫૦થી વધુ ત્રાસવાદીઓ ઘાયલ થયા. તેમાં ઈરાનના રાજદૂત મોજતાબા અમાણી ઘાયલ થયા. કોણે આ કર્યું અને શું કામ કર્યું તેનું ઉત્તરદાયિત્વ કોઈએ સ્વીકાર્યું નથી. પરંતુ શંકાની સોય ઈઝરાયેલ તરફ છે. આ સમાચારના અનુવર્તી (ફૉલોઅપ) સમાચાર હજુ ચાલી રહ્યા હતા કે ત્રાસવાદીઓ હજુ પેજર કેમ વાપરે છે, પેજર તાઈવાનમાં બનેલા હતા તો ચીનના બનેલા ફૉન કેવા તકલાદી હશે વગેરે વગેરે ત્યાં ૧૮ સપ્ટેમ્બરે બીજા સમાચાર આવ્યા કે હવે તો ઠેકઠેકાણે વિસ્ફોટ થયા છે. ત્રાસવાદીઓનાં વૉકીટૉકી, કારના રેડિયોમાં, બેટરીમાં, સૉલાર ડિવાઈસમાં. તેમાં ૨૦નાં મૃત્યુ થયાં. ૪૫૦થી વધુ ઘાયલ થયા. ફરીથી શંકાની સોય ઈઝરાયેલ તરફ જ છે અને અત્યાર સુધીના ઈઝરાયેલના ટ્રેક રેકૉર્ડ પ્રમાણે આ હોઈ શકે છે.

૧૯૬૦માં ઈઝરાયેલની મોસાદે નાઝી નેતા એડૉલ્ફ આઈકમન (સ્પેલિંગ Eichmann થાય છે પરંતુ જર્મની અને અંગ્રેજીની એ બલિહારી છે કે સ્પેલિંગ કંઈક થાય, ઉચ્ચાર કંઈક થાય.) આર્જેન્ટિનામાં છે. તે રિકાર્ડો ક્લેમેન્ટના નામે રહેતો હતો. તેણે જર્મનીમાં યહૂદીઓના નરસંહારમાં કંઈ બાકી નહોતું રાખ્યું. ૧૧ મે ૧૯૬૦ના દિવસે મોસાદના લોકો ત્રાટક્યા અને તેનું અપહરણ કરી લીધું. તેને ગુપ્ત સ્થાને લઈ જઈ ચોરીછુપીથી ઈઝરાયેલ પહોંચાડાયો. ત્યાં તેની સામે ખટલો ચલાવાયો. તે પછી આપણી કૉર્ટ જેવું નહીં કે કેટલાંય ગળણે ગાળવામાં આવે, વકીલોને કમાણી કરાવવામાં આવે, વળી રિવ્યૂ પિટિશન થાય, વળી રાષ્ટ્રપતિને દયા અરજી થાય ને વળી સુપ્રીમ કૉર્ટ ફાંસીના માત્ર થોડા કલાક પહેલાં રાતના ત્રીજા પહોરે બેસે. પછી જ ફાંસી થાય. રાશિદ એન્જિનિયર જેવાને તો ચૂંટણી લડવા મળે, તે જીતી પણ જાય અને પછી જામીન મેળવી જમ્મુ-કાશ્મીરની ચૂંટણીમાં પ્રચારમાં પહોંચી જાય. ઈઝરાયેલે તેનો ખટલો ચલાવી તેને ૧૯૬૨માં તો ફાંસી આપી દીધી. આપણે તો સંસદ પર ત્રાસવાદી હુમલો કરનાર અફઝલ ગુરુને ફાંસી અપાતાં ૧૨ વર્ષ નીકળી ગયા. અને તે પછી રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી હતી તેથી તેમણે દયા અરજી ન માન્ય રાખી. તેથી ફાંસી આપી શકાઈ.

લેબેનોનમાં આ ધડાકાઓનું મીડિયા કવરેજ જુઓ. પેજર ધડાકાના સમાચાર આવ્યા તેમાં હિઝબુલ્લા 'મેમ્બર' લખવામાં આવ્યું. હિન્દીમાં હિઝબુલ્લા કે 'સદસ્ય' લખાયું. આ લોકો શું કોઈ રાજકીય પક્ષ કે સાંસ્કૃતિક સંગઠનના સભ્યો છે? તેમના માટે તો હિઝબુલ્લાના 'ત્રાસવાદીઓ' શબ્દ જ લખાય.

એનાથી આગળ હદ એ વટાવી કે બીજા દિવસે જ્યારે બધે જ સમાચાર એ ચાલી રહ્યા હતા કે આ ત્રાસવાદીઓની કારમાં, વૉકીટૉકી, વગેરેમાં ધડાકા થયા ત્યારે 'આપ કો રખે આગે'વાળા એબીપી ચેનલની વેબસાઈટ પર મુખ્ય દસ સમાચારોમાં એ હતા જ નહીં! અને ગૂગલમાં સર્ચ કરો તો હિઝબુલ્લાના ત્રાસવાદીઓએ ઈઝરાયેલ પર રોકેટ દાગ્યા તેવા સમાચાર ચાર કલાક પહેલાં એબીપીની વેબસાઈટ પર મૂકાયા હોવાનું બતાવ્યું! હવે ખરેખર તો એ દિવસે હિઝબુલ્લાએ રોકેટ દાગ્યા હોવાની ઘટના જ નહોતી બની. ક્યાંથી બને! પેજર ધડાકાની કળ વળે તો એ વળતો હુમલો કરે ને! એના ૨૭૫૦થી વધુ ત્રાસવાદીઓ તો ઘાયલ હતા! ખરેખર તો આ સમાચાર ત્રણ કે ચાર દિવસ જૂના હતા. પરંતુ એબીપીએ તેને ફરીથી ચાર કલાક પહેલાં અપલૉડ કરી દીધા અથવા તો જૂના સમાચાર નવા લાગે તેમ તેના અપલૉડનો સમય બદલી નાખ્યો હશે. જેથી જે સર્ફ કરે તેને એમ લાગે કે હિઝબુલ્લા પણ શાંત નથી બેસી રહ્યું. તેણે વળતી પ્રતિક્રિયા તો આપી જ છે.

આ હદે જવાનું? અહીંના જિહાદીઓનું મનોબળ ન ભાંગે તેથી જૂના સમાચારને તાજા સમાચાર તરીકે ચલાવવાના અને હિઝબુલ્લાના ત્રાસવાદીઓ બીજા દિવસે પણ ધડાકાનો ભોગ બન્યા તે સમાચારને અંદર ક્યાંક મૂકી દેવાના? જેથી અહીંના જિહાદીઓના ધ્યાનમાં ન આવે? આવા પ્રકારનાં મીડિયા ઈઝરાયેલ પર ત્રાસવાદી હુમલા થાય, તેમની સ્ત્રીઓ પર બળાત્કાર કરીને તેમના મૃતદેહને ક્ષતવિક્ષત કરી ત્રાસવાદીઓ તેમના પર પેશાબ કરે તે બધા સમાચાર સતસવીર નથી બતાવતા હોતા, પરંતુ તેની પ્રતિક્રિયા રૂપે ઈઝરાયેલ હુમલો કરે અને હમાસે ગાઝાની હૉસ્પિટલની નીચે બંકર બનાવ્યું હોય તો તેના સતસવીર અહેવાલો આપશે. જુઓ! ઈઝરાયેલે શું કર્યું!

ખરેખર તો જે રીતે યહૂદીઓએ હિટલરના પ્રતીકને ધિક્કારનું ચિહ્ન બનાવી અમેરિકા, કેનેડા સહિતના દેશોમાં પ્રતિબંધિત કરાવી દીધો તેમ આવા મીડિયા કવરેજની સામે પણ ઝુંબેશ કરવાની આવશ્યકતા છે કારણકે સીએનએન, બીબીસી, ન્યૂયૉર્ક ટાઈમ્સથી માંડીને ભારતનું લેફ્ટ-લિબરલ મીડિયા ઈસ્લામી જિહાદીઓને છાવરવાની પ્રવૃત્તિ કરતું હોય છે. બાંગ્લાદેશમાં હિન્દુઓ પર આ જિહાદીઓ હુમલા કરે તો આ મીડિયા એમ લખે છે કે એ તો પૉલિટિકલ રિવેન્જ હતો. જમ્મુ-કાશ્મીરમાં કાશ્મીરી પંડિતોની હત્યા, બળાત્કાર, સંપત્તિ છિનવી લેવાના અધમ અપરાધો ચાલ્યા તેના બચાવમાં એવો નેરેટિવ ચલાવાયો હતો કે પંડિતો સમૃદ્ધ હતા, સરકારી નોકરીઓમાં હતા, વગવાળા હતા તેથી તેમને નિશાન બનાવાયા! આવી પ્રતિક્રિયાવાળી વાત તેઓ ૨૦૦૨નાં ગુજરાત રમખાણો બાબતે માનવા તૈયાર નહીં થાય.

યહૂદીઓ અને મોસાદની આ જે શત્રુને જે દેશમાં હોય ત્યાં જઈને પતાવી દેવાની વાત છે તે જ યહૂદી પ્રજાને વિશ્વની નંબર વન પ્રજા બનાવે છે. આ બાબતે ખ્રિસ્તીઓ પણ પાછા પડે છે. જિહાદીઓને તેમની જ ભાષામાં ઉત્તર આપવો પડે. 'હૉલિ ડે' ફિલ્મમાં અક્ષયકુમાર કહે છે તેમ આતંકવાદીઓને આતંકવાદી બનવામાં ડર લાગવો જોઈએ. એ લોકો જ્યાં પણ જાય, જે પણ કટ્ટરતાની પ્રવૃત્તિ કરે ત્યાં તેને સતત ભય લાગવો જોઈએ. અને કોઈ અણસાર આપ્યા વગર આવા ધડાકા થાય તો જ તેમનામાં ડર પેસે.

જિહાદીઓને યહૂદીઓએ બતાવી દીધું છે કે અમે તમારા દાદા છીએ. યહૂદીમાંથી જ ખ્રિસ્તી પંથ અને પછી ઈસ્લામ નીકળ્યો.



પરંતુ ઈસ્લામમાં માનનારોએ મુસ્લિમ બ્રધરબૂડ, ઉમ્મત, ખલીફા વગેરે વાતો કરીને વિશ્વને ઈસ્લામમય બનાવવાનું સપનું સાકાર કરવાની કટ્ટરતામાં હદ વટાવી દીધી. તેઓ ત્રાસવાદી હુમલા કરવા લાગ્યા. જે દેશમાં રહેતા હોય તે દેશને પ્રથમ માનવાના બદલે અમારો મઝહબ અમારા માટે પ્રથમ અને તેમાંય તેનું અર્થઘટન મુલ્લા-મૌલવીઓ પોતાના સ્વાર્થ માટે ખોટું કરવા લાગ્યા. એક સમયે ખ્રિસ્તીઓ પણ માનતા હતા કે બધી ભૂમિ ખ્રિસ્તીઓની જ છે અને એટલે તો યુરોપના ખ્રિસ્તીઓ ભારત, આફ્રિકા સહિત આખી દુનિયા પર પોતાનાં સંસ્થાનો બનાવવા નીકળી પડ્યા હતા, પરંતુ પછી તેમને સમજાઈ ગયું. અમેરિકાની મદદથી ખ્રિસ્તીઓએ પોતાનો પગ સમગ્ર વિશ્વમાં જમાવી રાખ્યો તે જુદી વાત છે, પરંતુ તેના રસ્તા જુદા હતા.

યહૂદીઓ પર જર્મનીમાં નરસંહાર થયા, ગેસ ચેમ્બર બનાવી દેવામાં આવી, તે પછી તેમણે નક્કી કર્યું કે આપણે આપણી ભૂમિ પાછી મેળવવી જ છે. યહૂદીઓના તહેવાર પાસઑવરની શરૂઆતમાં ભોજન સમારંભ યોજાય છે. તેને 'સીડર' કહેવાય છે. આ ભોજન સમારંભ માત્ર ખાઈ-પીને ક્રિકેટ મેચમાં કોણ સારું રમ્યું, હમણાં પેલી ફિલ્મ મસ્ત આવી છે, ફલાણા શૅરમાં આટલો નફો થયો, મેં હમણાં આ જગ્યાએ પ્લૉટ લીધો વગેરે વાતો નથી કરતા, તેઓ વાર્તા કરે છે, તેની ચર્ચા કરે છે, 'સીડર' એ પ્રાચીન ઈજિપ્તની દાસતામાંથી ઈઝરાયેલીઓ એટલે કે યહૂદીઓ છૂટ્યા તેની ઉજવણી છે. એક પ્રજા જ્યારે આ પ્રકારની પરંપરાને પંથ સાથે જોડી દે ત્યારે જ ઈઝરાયેલ જેવું મહાન રાષ્ટ્ર બને છે. એટલે આ સીડરમાં તેઓ દર વર્ષે સંકલ્પ લેતા કે 'નેક્સ્ટ યર ઈન જેરુસલેમ'. અને ૧૯૪૮માં આ સંકલ્પ તેમણે સાચો કરી બતાવ્યો. આ પણ એક પ્રજાનો સંકલ્પ હતો. સો-બસ્સો જણાનો નહીં. ભારતમાં જેમ શ્યામજી કૃષ્ણ વર્મા, વીર સાવરકર, મદનલાલ ધીંગરા, ચંદ્રશેખર આઝાદ, પૃથ્વીસિંહ આઝાદ, ચાફેકર બંધુઓ, વાસુદેવ બળવંત ફડકે જેવા ગણ્યાગાંઠ્યા ક્રાંતિકારીઓ લડ્યા રાખતા અને પ્રજા મસ્ત રહેતી. અને કૉંગ્રેસના માર્ગે પછી જોડાઈ તેવું નહોતું. કૉંગ્રેસના માર્ગે પણ મળત તો ખંડિત સ્વતંત્રતા. જેમ કેન્દ્રમાં મોદી સરકાર જ ફિક્સ રહે અને અલગ-અલગ રાજ્યોમાં લોકો ચૂંટે તે પક્ષની સરકાર ચૂંટાય તેમ કેન્દ્રમાં બ્રિટિશરો શાસન કરે અને રાજ્યોમાં લોકો ચૂંટે તે પક્ષની સરકાર આવે તેવી સ્વતંત્રતાને ડૉમિનિયન સ્ટેટસ કહે છે. આવા ડૉમિનિયન સ્ટેટસથી ગાંધીજી અને કૉંગ્રેસ ખુશ હતાં. પરંતુ સુભાષચંદ્ર બોઝે આગ્રહ રાખ્યો કે પૂર્ણ સ્વતંત્રતા જોઈએ. તે વખતે નહેરુ બોઝના મિત્ર હતા. તેથી રાવી કિનારે કૉંગ્રેસ અધિવેશનમાં તેમણે પૂર્ણ સ્વતંત્રતાનો ઠરાવ પસાર કરાવ્યો. ગાંધીજી આ પામી ગયા. તેથી તો નહેરુને બોઝથી અળગા કરી, બોઝનું પત્તું જ કૉંગ્રેસમાંથી સાફ કરાવી દીધું જેથી અંગ્રેજોને ફાવે તેવી સત્તા ૧૯૪૭માં મળે. છેલ્લે સરદાર પટેલનું પણ પત્તું સાફ થઈ ગયું.

એટલે યહૂદીઓ જેવી ખુમારી સંપૂર્ણ પ્રજામાં જોઈએ. આજે જોકે જ્યૉર્જ સૉરોસ જેવા ઘણા લોકો લૅફ્ટ-લિબરલ બની ગયા છે. અનેક યહૂદી યુવાન-યુવતીઓ અમેરિકામાં કૉલેજમાં ભણીને પેલેસ્ટાઈન તરફી થઈ ગયા છે. તેનું કારણ એ છે કે તેઓ તેમનો ઈતિહાસ ભૂલી ગયા છે. કૉલેજમાં લૅફ્ટ-લિબરલ અભ્યાસક્રમ અને તેને ભણાવનારા લેફ્ટિસ્ટ પ્રાધ્યાપકો દ્વારા બ્રેઈનવૉશિંગ થાય છે તેના કારણે તેમની આ સ્થિતિ થઈ છે. પરંતુ લેબેનોનમાં હિઝબુલ્લાના ત્રાસવાદીઓના પેજર, વૉકીટૉકી, કારમાં ધડાકા કરીને ઈઝરાયેલે સાબિત કરી દીધું છે કે ત્રાસવાદીઓને તેમની જ ભાષામાં ઉત્તર આપતાં એમને સારી રીતે આવડે છે. ઘર મેં ઘૂસ કર મારા.

આનાથી પ્રત્યેક દેશભક્ત અને ઈતિહાસને સમજનાર યહૂદીઓની છાતી કેવી ગજગજ ફૂલી હશે! આવાં કૃત્યો થઈ શકે છે તેનું કારણ ઈઝરાયેલની ટૅક્નૉલૉજીમાં માસ્ટરી છે. ઈઝરાયેલ અને યહૂદીઓ અનેક ટૅક્નૉલૉજીના શોધક છે. તેઓ પણ પૈસા કમાય છે. તેઓ પણ મોટા-મોટા ઉદ્યોગપતિ બને છે. પરંતુ ભારતના ઉદ્યોગપતિઓ જેવું નહીં, જેમને કરિયાણા, શાકભાજીના વેપારમાં રસ હોય, મોટર બનાવવામાં રસ હોય અને પછી પંથ-સંસ્કૃતિ જાય ચૂલામાં. વેપાર માટે હલાલ સર્ટિફિકેટ મેળવતા ખચકાટ ન થાય. યહૂદીઓએ પોતાનો એવો પ્રભાવ ઉત્પન્ન કર્યો કે તેમનું શત્રુ હમાસ પણ અમેરિકાનું શત્રુ બની ગયું. આપણે તો આટલાં વર્ષે પણ જૈશ એ મોહમ્મદ, લશ્કર-એ-તોઈબા, હિઝબુલ મુજાહિદીન માટે આવું નથી કરી શક્યા. આપણે આટલાં વર્ષે એટલે કે સ્વતંત્રતાનાં ૬૯ વર્ષ પછી છેક સર્જિકલ સ્ટ્રાઈક કરી. તે પછી વિદેશમાં- કેનેડામાં અને પાકિસ્તાનમાં ત્રાસવાદીઓ મરતા થયા. તેમાંય પાછા છે તો છૂટકપૂટક જ. હાફીઝ સઈદ, મસૂદ અઝહર, સૈયદ સલાહુદ્દીન, દાઉદ ઈબ્રાહિમ જેવા નહીં.

પરંતુ આવું કરવા માટે જેમ યહૂદીઓ બેન્જામીન નેતાનયાહૂને ચૂંટે છે, ભ્રષ્ટાચારની નાનીમોટી ફરિયાદો છતાં, તેમ કરવું પડે. હમાસના ગત ઑક્ટોબરમાં ત્રાસવાદી હુમલા પછી વિપક્ષો નેતાન્યાહૂની પડખે ઊભા રહે છે તેમ ભારતમાં વિપક્ષોએ મત બૅંકની રાજનીતિ છોડીને સરકારના પડખે ઊભા રહેવું પડે. એક પ્રજાએ ખમીરવંતી પ્રજા બનવું પડે. નાચગાન, પૈસા કમાવા, વેકેશનમાં ફરવા જવું, તેની સાથોસાથ દેશભક્તિને લોહીમાં વણી લેવી પડે. જરૂર પડે થોડી તકલીફોનો સામનો કરવાની તૈયારી પણ રાખવી પડે. માત્ર વાતો નહીં, નક્કર કામ કરીને બતાવવું પડે. આપણે ત્યાં સામાન્ય માનવીથી લઈને નેતા સુધી વાતોનાં વડાં કરનારા બહુ છે. આપણી ફિલ્મોમાં પણ સંવાદોની પટ્ટાબાજી બહુ થાય છે. હમ વો હે જો ઉડતી ચિડિયા કે ભી પૈર ગિન લેતે હૈ. ઘણા આવા વાત-વીર છે. સૉશિયલ મીડિયાથી માંડીને પ્રવચનોમાં મોટી-મોટી વાતો કરશે પરંતુ નક્કર કામ કરવાનું આવશે તો પાણીમાં બેસી જશે. હું પાછળ રહું, તમે આગળ થાવ તેવી ભાવના આવશે. કંઈક મુદ્દો હશે તો પોતે તેના પર લખશે કે બોલશે નહીં, પરંતુ છાનામાના વૉટ્સઍપ કે ફેસબુક મેસેન્જરમાં અંગત મેસેજ કરીને જણાવશે. જો તમે આટલું લખી કે બોલી પણ ન શકતા હો તો નક્કર કામ કરવાનું આવશે ત્યારે તો સ્વાભાવિક જ ઘરમાં સંતાઈ જવાના.

વિચાર કરો ને, કે આપણને ઈઝરાયેલ સાથે સત્તાવાર રાજદ્વારી સંબધ રાખવામાં જ ૪૪ નીકળી ગયા અને તે પણ ક્યારે! જ્યારે ગાંધી પરિવાર સિવાયની કોઈ વ્યક્તિ (નરસિંહરાવ) સત્તામાં આવી ત્યારે! અને માત્ર ઈઝરાયેલની મુલાકાતે ભારતના વડા પ્રધાન થાય તે તો ૨૦૧૭ના વર્ષમાં- સ્વતંત્રતાનાં ૭૦ વર્ષ પછી શક્ય બન્યું. ઈઝરાયેલે તો ભારતની દરેક સંકટની ઘડીમાં છુપી તો છુપી રીતે પણ મદદ કરી જ છે. પરંતુ આપણા માટીપગા નેતાઓને ભારતના મુસ્લિમો ક્રોધિત થઈ જશે તેની બીક જ સતાવતી રહી.

લેબેનોનમાં ધડાકા કરીને ઈઝરાયેલે ફરી એક વાર પોતાનું ખમીર બતાવી દીધું છે. તેમાંથી આપણી પ્રજા અને નેતાઓ શીખે તો ભારતનો બેડો પાર થઈ જાય. ■

jaywant.pandya@gmail.com

# તમે કુંવારા છો?

હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧)માણસનું સર્જન ન થયું હોત તો તમારી આ કોલમ કેવી રીતે ચાલત?
કનુભાઈ લિંબાસિયા 'કનવર', ચિત્તલ હાલ કેનેડા)
તો હું ભગવાનના પ્રશ્નોના જવાબ આપતો હોત!

(૨)તમે કુંવારા છો?
રાજુભાઈ ખાનપરા (ઉપલેટા)
હું ભૂતપૂર્વ કુંવારો છું!

(૩)બે નંબરની આવક એટલે કેવી આવક?
જય દવે (ભાવનગર)
એક નંબરની આવક સિવાયની બધી આવક.

(૪)તમે આ કોલમથી લોકોને ખૂબ હસાવો છો. તમને ઈશ્વરના આશીર્વાદ મળશે.
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
તમે પણ રાજી થયા હોત તો પાન મોકલ્યું હોત!

(૫)તમારી કોલમ છાપતી વખતે પ્રેસમાં લોકો હસતા હશે?
રમાબેન પટેલ (અમદાવાદ)
એક રાત્રે હું સંજોગ ન્યુઝ કાર્યાલય પાસે નીકળ્યો તો હા.. હા.. હા.. હા.. હા.. હા.. હા.. એવો અવાજ સંભળાયો હતો!

(૬)) હું બહુ દુઃખી છું પણ મારે દુનિયાને સુખી હોઉં એવું દેખાડવું છે. કોઈ ઉપાય બતાવો.
રામભાઈ પટેલ (સુરત)
ધ્રુસકે ધ્રુસકે દાંત કાઢો.

(૭)ડુંગળી કાપીએ ત્યારે આખો કેમ રડે છે ?
હાફીઝ રિયાઝ સેલોત (રાજુલા)
આખેઆખી ખાવાનું રાખો.

(૮)હવે બા અને બાપા પોતાના બાળકોને વાર્તા કેમ નહિ સંભળાવતા હોય?
જયશ્રીબેન બી મહેતા (કોટડાપીઠા)
અત્યારના બાળકો સ્માર્ટ થઈ ગયા છે. બા કે બાપા અર્ધી વાર્તા કહે ત્યાં બાળક બોલે કે પછી રાજાએ બીજા લગ્ન કર્યા હે ને દાદા?!

(૯)તમારી કોલમ અઠવાડિયામાં બે વખત ન આપી શકાય?
ઉન્નતિ મહેતા (રાજકોટ)
સંજોગ ન્યુઝ પરિવાર હોંશિયાર છે. એ લોકો એક અઠવાડિયામાં પોતાના વાચકોને બે વાર કંટાળો આવે એવું ક્યારેય ન થવા દે.

(૧૦)આ...રામ અને હે... રામ . બેઉંમાં ફેર શું?
ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)
માત્ર આરામ કરતાં પતિને જોઈ ને પત્નીનાં મુખમાંથી બોલાઈ જતો શબ્દ છે હે રામ!

(૧૧)" મને કંઈક થાય છે". - એ બીમારીનો કોઈ ઈલાજ ખરો?
એકતા અક્ષય મેરુલીયા ( ભાવનગર)
હા, ઘડીક સૂઈ જા, હમણાં મટી જશે.

(૧૨)સાહેબ.! સાઈકલ મારી સર..ર...ર.. જાય તો ગાડી કેમ જાય..?
ધોરાજીયા ઘનશ્યામભાઈ એન. (સાજણટીંબા)
નવી લીધી લાગે છે, હે ને?!

(૧૩)દુધી ખાવાથી બુદ્ધિ વધે?
આસિફ કાદરી (રાજુલા)
તો તો દુધી વેચવાવાળાનાં છોકરા આઈન્સ્ટાઈનના છોકરા સાથે ન રમતા હોય?!

(૧૪) રોતે રોતે હસના શીખો તો હસતે હસતે ક્યાં શીખે..!
ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)
હસતે હસતે હિન્દી બોલના!

(૧૫)બેટરીવાળી ગાડી કરતાં બેટરીવાળા બુટ જ આવી જાય તો કેવું સારું?
કનુભાઈ પરમાર (દામનગર)
બૂટની બેટરી કેટલી ટકે ભાઈ! કૂતરું પાછળ દોડે ત્યાં બૂટમાં મેસેજ આવે : બેટરી લો! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# કાશ્મીર – વક્ત એ સખ્ત હૈ ચુનાવ કા....

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

જમ્મુ કાશ્મીરમાં એક દસકા બાદ વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે. કાશ્મીર ભારતના મસ્તકની જગ્યાએ છે. દેશ આઝાદ થયા બાદથી જમ્મુ કાશ્મીરને ખાસ રાજ્યનો દરજ્જો મળ્યો હતો. પાંચ વર્ષ પહેલા ભારતની સંસદે ભારતના બંધારણમાં દર્શાવેલ ૩૭૦ કલમ રદ કરીને જમ્મુ કાશ્મીર અને લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે જાહેર કરેલ છે અને ખાસ રાજ્યનો દરજ્જો સમાપ્ત કરવામાં આવેલ છે. વહીવટી સુગમતા ખાતર જમ્મુ અને કાશ્મીરને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યા છે. જમ્મુ અને કાશ્મીર ૨૨ જિલ્લાઓમા વહેંચાયેલ છે. જ્યારે લદ્દાખને ૨ જિલ્લામા વહેંચવામાં આવેલ છે. જ્યાં મત આપવો કે ચૂંટણી લડવી એ પ્રતિબંધિત હતું ત્યાં આજે મુક્ત વાતાવરણમાં ચૂંટણી યોજાઈ રહી છે. આ ચૂંટણીઓમાં સરહદ પારનો કોઈ કાંકરીચાળો નથી. નહીંતર મતપેટીઓની સાથે આતંકવાદીઓને પણ સંભાળવાના રહેતા. દેશભરની કોઈપણ ચૂંટણીની જેમ આ ચૂંટણીમાં જમ્મુ અને કાશ્મીરમાં પણ સારા રસ્તા, વીજળી, પાણી સહિત વિકાસના મૂળભૂત મુદ્દાઓ ચર્ચામાં છે. પ્રજા સુવિધાઓ માંગી રહી છે અને વિવિધ રાજકીય પક્ષો એ અંગેના વચનો આપી રહ્યા છે. કાશ્મીરમાં પાયાની સુવિધાઓની માંગ પૂરી પાડવાના રાજકીય વચનો સાથે ચૂંટણી લડવામાં આવે એ જ મોટી વાત છે. કોઈપણ લોકશાહી દેશમાં જ્યારે તેના કોઈ એક ભૂ ભાગમાં મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ જો ન યોજી શકાતી હોય, તો એ દેશની નબળાઈ અને કમનસીબી કહેવાય. દેશની દરેક તબકાની અને વિસ્તારની પ્રજાની જો શાસનમાં સક્રિય ભાગીદારીતા હોય તો લોકશાહી સફળ ગણાય. કાશ્મીરનો ખાસ દરજ્જો અને એ ખાસ દરજ્જા હેઠળ જે ચૂંટણીઓ યોજાતી તેને નિષ્પક્ષ કહી શકાય એ સ્થિતિ ભૂતકાળમાં ક્યારેય નહોતી.

૩૭૦ હટાવ્યા બાદ કેન્દ્ર સરકાર દ્વારા સ્થાનિક સ્તરે પંચાયતી રાજને મજબૂત કરવાના પ્રયાસો થયા છે જેમાં સારી સફળતા પણ મળી છે. પંચાયતી રાજના આ વિસ્તરણને લીધે સ્થાનિક આગેવાનોમાં વિશ્વાસ ઉભો થયો છે કે તેઓ પણ સિસ્ટમમાં ભાગીદારી કરી શકે છે. પંચાયતોને સીધી નાણાકીય સત્તાઓ આપીને તેમના ખાતામાં સીધા નાણા મોકલીને પાયાના કલ્યાણ કાર્યોને પ્રાથમિકતા આપવાથી સ્થાનિક પ્રજા અને નેતાઓમાં આત્મવિશ્વાસ વધ્યો છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મોટા પ્રમાણમાં અપક્ષ ઉમેદવારો આ બાબતની સાબિતી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં સંખ્યામાં મતદાનમાં નોંધપાત્ર સુધારો થયો હતો. ત્યાં સુધી છેલ્લા ત્રણ દાયકા દરમિયાન મતદાન ઓછું રહ્યું હતું. ૨૦૨૪ની લોકસભા બાદ પરિણામ એ આવ્યું કે આ વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે ઘરે-ઘરે પ્રચાર, રોડ શો અને ખીણમાં ફરતી રેલીઓ જેવો સપૂર્ણ રાજકીય પ્રચાર થયો, જે કાશ્મીરમાં કલ્પના માત્ર હતો. આ લોકશાહીનું દ્રઢીકરણ તરફનું એક હકારાત્મક પાસું માની શકાય. એ સિવાય ગત લોકસભા ચૂંટણી બાદ નોંધપાત્ર જાહેર સમર્થન ધરાવતા આગેવાનો કોઈ નાના પક્ષ સાથે કે તે વિના પણ ચૂંટણીના મેદાનમાં ઉતરી રહ્યા છે. આવા ઉમેદવારોની હાજરીએ પરંપરાગત અલગાવવાદી પક્ષો જેવાકે પીડીપી, નેશનલ કોન્ફરન્સની છાવણીમાં ખળભળાટ ઉભો કરી દીધો છે. જે ભય હતો, એ કમ સે કમ ખતમ થઈ ગયો છે. સરકાર દ્વારા આતંકવાદ સામે જે રીતે છેલ્લા એક દાયકા દરમિયાન કામ લેવામાં આવ્યું છે એ પરથી સ્થાનિક પ્રજામાં સુરક્ષાની ભાવનામાં વધારો કર્યો છે. એ પણ એક કારણ છે કે આજે ચૂંટણી ફરજમાં રોકાયેલો કર્મચારી બેખોફ થઈને પોતાની ફરજ નિભાવી રહ્યો છે.

ભાજપ કાશ્મીરની ઘણી બેઠકો પરથી ચૂંટણી લડી રહ્યું નથી આ એમની પ્રોક્સી રાજકીય ચાલ હોવાનું રાજકીય વિશ્લેષકો કહી રહ્યા છે, આ પ્રાદેશિક પક્ષો વચ્ચેના મતો વિભાજિન માટેની સંભાવનાનો ભાજપનો દ્દષ્ટિકોણ હોઈ શકે છે. તેમજ નવા અને સ્થાનિક ઉમેદવારો માટે માર્ગ બની શકે છે, જેઓ પછીથી ભાજપ સાથે જોડાઈ શકે છે. એ સ્પષ્ટ છે કે ભાજપ અને આ મોટા જનસમર્થન ધરાવતી વ્યક્તિઓની હાજરીથી અબ્દુલ્લા, મુફ્તી, લોન જેવા પરંપરાગત અલગાવવાદી પરિવારો અને પક્ષોની રાજકીય જમીન ખસકી રહી છે. તેઓ બખૂબી જાણે છે કે જો આ રાહે જનતામાં ઉત્તરોત્તર લોકશાહીનું દ્રઢીકરણ થતું રહે તો એમની ઉંચા પડ્થારની રાજકીય દુકાન બંધ થઈ શકે છે.

રાજકીય સમીકરણો જે હોય તે, ચૂંટણીના પરિણામો જે આવે તે, જે પક્ષ કે વ્યક્તિ જીતે તે, એક વાત સ્પષ્ટ દેખાઈ રહી છે કે કાશ્મીર દેશના મિજાજ સાથે જોડાઈ રહ્યું છે. ભલે પક્ષો દ્વારા ફરીથી ૩૭૦ લાગુ કરવાના વચનો અપાઈ રહ્યા હોય, કાશ્મીરની પ્રજા કાશ્મીર માટે વોટ કરી રહી છે. આ માત્ર કાશ્મીર જ નહિ પરંતુ સમગ્ર દેશ માટે આનંદની વાત કહી શકાય. દેશનો જે ભાગ આજદિન સુધી દેશથી કપાયેલો હતો એ આજે વિધિવત લોકશાહી ઢબે મુક્ત અને ન્યાયી ચૂંટણી દ્વારા દેશમાં લોકશાહી ઢાંચાનું એક અભિન્ન અંગ બની રહ્યો છે. વર્તમાન સરકાર દ્વારા કાશ્મીરને દેશના મુખ્યપ્રવાહમાં જોડવા માટેના સઘન પ્રયાસો છે, જેના લીધે આજે આ શક્ય બન્યું છે.

ક્વિક નોટ == ૧૯૮૯-૯૦ કે જાડોમે શ્રીનગર એક ભયાનક ભુતહા શહર જૈસા થા જો યુદ્ધ કે તાંડવ કા આરંભ દેખ રહા થા. રૂબિયા સઈદ કે અપહરણને બગાવત કા બાંધ ખોલ દિયા. હત્યાયે રોજમર્રાકી ચીજ બન ગયી. બમબાઝી ઔર ફાયરીંગ અબ મુખ્યમંત્રી આવાસ કે પાસ કે સબસે સુરક્ષિત ઈલાકોમે ભી હોને લગી થી. ટ્રકોમેં બંદુકે લહેરાતે હુએ યુવા કેંટ ક્ષેત્ર કે પાસ દિખાઈ દેને લગે થે. આતંકવાદિયોં દ્વારા શહેર કે કેન્દ્રીય ઈલાકોમે મીલીટરી પરેડ હોતે થે. કશ્મીરિયો કો ભરોસા થા કી વે અબ મુક્તિ કે મુહાને પર થે. કંઈયો ને તો અપની ઘડિયા પાકિસ્તાન કે સમય સે મિલા લી થી. પાકિસ્તાની જાસૂસો કે લિયે એ શાનદાર વક્ત થા. ઈસ વક્ત કોઈ કિસી પર ભરોસા નહિ કરતા થા. રાજ્ય સરકાર જમ્મુમે થી. શહરમે ઈન્ટેલીજન્સ સંસ્થાઓ કો છોડકર શાયદ હી કોઈ કેન્દ્રીય કર્મચારી બચા થા.

– એ.એસ.દુલત, જોઈન્ટ ડીરેક્ટર ઈન્ટેલીજન્સ બ્યુરો – કાશ્મીર ૧૯૮૮-૯૦ ■

# કોને ખબર કે અંતવેળાએ આપણને સંતાનો સાથે રહેવા મળશે કે નહિ?

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

એક લાંબી અવસ્થા પછી અને એમાંય જ્યારે વૈશાખી બપોરથીય અધિક એવો ઢળતી સંધ્યાનો છેલ્લો તાપ લાગવાની શરૂઆત થાય ત્યારે મા લગભગ એકલી પડી જતી હોય છે. દીકરી હોય તો તે સમયસર સાસરે જતી રહી હોય છે. દીકરી સાસરે જાય એનો માતાને આઘાત એટલા માટે જ નથી હોતો કે તે પણ વર્ષો પહેલા તે જ રીતે પિતાના ઘરેથી પોતાના ઘરે એટલે કે સાસરે આવેલી છે. દીકરો પણ એક દિવસ દૂર જતો રહેશે એની ક્યાંય સુધી માતાને તો કલ્પના જ હોતી નથી. તે સતત પોતાના મનને એવી જ દિશામાં એવી જ રીતે ચલાવે છે જાણે કે જિંદગીની અંત વેળા સુધી એનો પુત્ર એની સાથે જ રહેવાનો ન હોય !

સાથે રહી શકે એ તો ધન્યતાનો અવસર છે. કેટલાક કિસ્સાઓમાં એમ બનતું નથી. વાત કંઈ આકસ્મિક કે ગંભીર નથી, સાવ સ્વાભાવિક છે કે સંતાનો મોટા થાય એટલે એને માતાપિતાથી વિખૂટા પડવાના કારણો તરીકે હજારો વિકલ્પ હોય એમાંથી એકાદનો છેડો અડે એટલે દૂર દૂર ફંગોળાઈ જવાય. અનુઆધુનિક યુગનો એ એક ઉપકાર છે કે લાગણીની બૌદ્ધિક ચોખ્ખાઈ હવે સપાટી પર આવી શકે છે. એટલે સંતાનો સ્પષ્ટ રીતે માતા-પિતાને કહી શકે છે કે તમારું અમારી સાથે રહેવું અમને આટઆટલા કારણોસર પ્રતિકૂળ છે. માતા-પિતા પણ એ સમજે છે કે માત્ર લાગણીના તરાપાથી તરીને હવે આગળ વધી શકાય એમ નથી.

એટલે ચોક્કસ જગ્યાએ એમણે અટકી જવું પડે છે. એમાં એક બીજી વાત પણ છે કે જે દંપતીઓ સ્વતંત્ર રીતે રહેવા ટેવાયેલા છે, એમને ક્યારેક દીકરા-વહુના હાથમાં જિંદગીનું નેવિગેશન આવે એ અનુકૂળ ન પણ આવે. તેઓ જ્યાં સુધી દેહે કરીને પરાધીન ન થાય ત્યાં સુધી સ્વતંત્ર રીતે પોતાનું યુગલજીવન જીવવા ચાહે છે. ખરેખર આ બહુ જ સારી બાબત ગણાવી જોઈએ. પરંતુ આપણો સમાજ હજુ... જોયું ? આમ છે ને તેમ છે.... અરે આમ હતું પરંતુ, આનું તેમ થયું અને તેનું આમ થયું એમ વારતા ચલાવ્યા કરે છે. સંતાનો સાથે રહેવા મળે કે ન મળે પણ જાતે જિદ કરીને સંતાનોના સંઘર્ષ સમયે એમની પડખે રહે તે માતાપિતા છે. આ દુનિયામાં એવા પણ દંપતીઓ છે કે દાયકાઓ સુધી પોતે માલિકીના મકાનમાં રહેતા હોય અને પુત્ર-પૌત્રાદિક લગભગ જિંદગીભર ભાડું ભરીને પારકા છત્રતળે વસતા હોય.



બીજી એક વાત એ છે કે માત્ર રેમન્ડ કંપનીના માલિકે પોતાની સર્વ સંપત્તિ પુત્રને નામે કરીને અફસોસ વ્યક્ત કર્યો નથી. ગુજરાતની તમામ જિલ્લા કક્ષાની અદાલતોમાં વયોવૃદ્ધ દંપતીઓ પોતાના સંતાનોને લખી આપેલી મિલકતો પાછી લેવા માટે ધક્કા ખાતા જોવા મળે છે. આ સંખ્યા પણ નાનીસૂની નથી. માત્ર આપણા સંતાનો હોવાને કારણે તેઓને આપણા અપમાનનો કોઈ વિશેષાધિકાર મળી જતો નથી અને માતાપિતા હોવાથી બધી જ જવાબદારીના પહાડો તેઓના ખભે મૂકી દેવા પણ યોગ્ય નથી. દીકરાના લગ્ન થાય એટલે પારસ્પરિક સંબંધ અને સન્માનની થોડી ડિઝાઈન તો બદલાવવાની છે. એ બદલા પછી પણ ઘરની મૂળભુત સંયુક્ત સંવેદના અને રોજબરોજનો પારિવારિક સહચાર જો બહુ ન બદલાય તો મઝાની વાત છે. પણ સહુ માટે આ મઝા સાવ સુગમ તો નથી.

માણસજાતે સદીઓ સુધી યુદ્ધ કર્યા છે આપણે પહેલીવાર એવા સમયમાં છીએ જ્યાં હવે યુદ્ધ શરૂ કરતા પહેલા વારંવાર વિચાર કરવામાં આવે છે. યુદ્ધ કરવાની તૈયારી બધા પાસે છે પરંતુ શક્ય ત્યાં સુધી યુદ્ધને પાછું ઠેલવામાં આવે છે. યુદ્ધને ટાળવા માટેનું બુદ્ધિધન પૃથ્વી પર અત્યારે છે એટલું પૂર્વે કદી પણ ન હતું. મહારાજ યુધિષ્ઠિર જુગાર રમ્યા અને હાર્યા. પછી ફલતઃ તેમણે બાર વરસનો વનવાસ અને એક વરસનો ગુપ્તવાસ સ્વીકારવાનો આવ્યો. આ જે તેર વરસ છે એ ખરેખર તો યુધિષ્ઠિરે જુગટુ રમીને પાછા ઠેલેલા યુદ્ધમાં હણાઈ જવા સંભવ સર્વ યોદ્ધાઓ અને સેનાપતિઓને સામે ચાલીને દક્ષિણામાં આપેલું વધારાનું આયુષ્ય છે.

યુધિષ્ઠિરને એમ હતું કે આ તેર વરસ દરમિયાન યુદ્ધ ન કરવું પડે એવો ઉપાય મળી આવશે. છતાં જ્યારે યુદ્ધ ગોઠવાયું ત્યારે એના પ્રારંભ પૂર્વે યુધિષ્ઠિરે સ્વપક્ષ અને પ્રતિપક્ષના સર્વ યોદ્ધાઓની માતાઓની તેમના વીર સંતાનો બદલ અભિવંદના કરી અને આગોતરી ક્ષમાપ્રાર્થના પણ કરી. એક માતાથી તેના પુત્રને વિખૂટો પાડી માતાને પુત્રવિયોગની ચિરંતન વ્યથામાં ઊંડે ઉતારવાની યાતના યુધિષ્ઠિરે અનુભવી હતી. યુધિષ્ઠિરની રાજનીતિ બહુ પ્રચલિત નથી અને એના મહત્ સત્કર્મોનો યશકુંભ કૃષ્ણચરિત્રે આંચકી લીધો હોવા છતાંય એક મહાન રાજા તરીકેના તેજ અને ઓજ તેમના આભામંડળમાં સદાય દર્શનીય છે જે મહાભારતમાં સર્વવ્યાપક રીતે દેખાય છે.

સંતાનો હયાત હોય ત્યારે કે હયાત ન હોય ત્યારે એકલી પડી જતી માતા આ જગતની કરૂણામૂર્તિ હોવા છતાં કરૂણમૂર્તિ બની જાય છે. એકલી પડી જતી મા પાસે પ્રશ્નાર્થ કે ફરિયાદ નથી હોતા. એની પાસે સ્મરણોનું એક લાંબુ ઘટાટોપ જંગલ હોય છે. સવારે જાગે ત્યારથી મોડી રાતે જંપી જાય ત્યાં સુધી એ જંગલ એના મનમાં લહેરાતું રહે છે. એ એની પસંદગીનો છેલ્લો આધાર હોય છે. સ્મૃતિઓ ગમે તેટલી ઝાંખી થાય તોય સંતાનો અલપઝલપ આંખમાં તરતાં રહે છે. બધી જ માતાનો સ્વભાવ અને વાત્સલ્ય કંઈ જીવનાન્ત સુધી જળવાય એ જરૂરી નથી. ઉંમરની ધૂળ માત્ર દિમાગને જ નહિ, દિલને પણ ચડે છે. સાજા-નરવા જ આયુષ્ય વીતી જાય તો વાંધો નથી પણ વડીલોનો સ્વભાવ બદલાઈ જાય પછીય એમના શ્રીચરણમાં શિશુકાળે હતી તેવી જ પ્રીતિ રાખવી તે મહાપુરુષોનું કામ છે. એનાથી માને હૈયે જે ટાઢક વળે એ અખિલ બ્રહ્માણ્ડની જાતરાથીય વિશેષ છે. એ મોકો મળે તો લેવા જેવો છે. કારણ કે આપણે ગમે તેટલા જુદા થઈએ, જન્મવેળાએ માતાના શરીરમાંથી ગર્ભનાળ તૂટે પછી પણ એમની જે હૃદયનાળ આપણી સાથે જોડાયેલી હોય તે તો કાળની સર્વ થપાટો પછી પણ અતૂટ રહી હોય છે.

ક્યારેક એની અભિવ્યક્તિ પણ એણે ગુમાવી હોય તોય આપણી દરેક બાબતમાં તેઓ જો ક્યાંય ખોટા ન પડે તો એનાથી વધુ આદર્શ જિંદગી બીજી ન હોઈ શકે. એમની વિચારધારા પ્રમાણે જ આપણી જિંદગી ઘડાયેલી હોય છે પરન્તુ એમના હાથમાંથી છટકી ગયા પછી આ જગતે આપણુ જે ઘડતર કર્યું એ બદલાયેલું પોતાના જ સંતાનોનું ફ્યુઝન કે રેમિક્સ વ્યક્તિત્વ તેઓ સ્વીકારી શકતા નથી. આ પ્રશ્નમાં આપણી અનેક કૌટુંબિક સમસ્યાઓનો ઉકેલ ડોકિયા કરે છે. સંતાનોની વડીલો તરફની ઉદારતા અને ક્ષમાશીલતા જ સેતુકર્મ કરી શકે. આપણી વાત એમને ગળે ઉતારવામાં આપણે હાથે એમનું શેષ આયુષ્ય કોરુંમોરું પસાર ન થઈ જાય એટલું ધ્યાન રહે તો મા કદી એકલી પડતી નથી. ■

# રાજેશ્વરીબાના હાર્ટબીટ લગભગ ક્યાંય સમાતા નહોતા




લઘુ-નવલકથા

યોગેશ પંડયા

જયારથી દત્તાને નનામા ફોનથી ખબર પડી કે અર્જુનની બાઈક રાજમહેલના મેદાનમાં આખી રાત પડી રહી હતી ત્યારથી તેમના મનમાં ભાંજગડ ઊભી થઈ ગઈ હતી. આ બાબતે તેમણે અર્જુનને પૂછયું પણ ખરૂં પણ અર્જુન કોઈ સંતોષકારક ખુલાસો આપી શક્યો ન હતો ઉલટાની પોતાની ચોરી પકડાઈ ગયાનો ભાવ તેના ચહેરા ઉપર છવાઈ ગયો હતો એટલે જ સ્તો નજર છૂપાવી રહ્યો હતો. પણ તેણે આમ જૂઠું શા માટે બોલવું પડયું હોય તેનો કોઈ તાગ મળતો નહોતો. આ બાબતે બીજે દિવસે સવારે ઓફિસે આવીને કેન્ટિનના માલિક શર્માજીને વાત કરી હતી પણ શર્માજીએ તો એમ જ કહ્યું હતુ કે સાહેબ, અર્જુનભાઈ માટે મને સંપૂર્ણ વિશ્વાસ છે. એ કદી પણ જુઠ્ઠુ બોલેજ નહીં. પણ તમને એવું શા માટે લાગી રહ્યું છે ? કે અર્જુનભાઈ જુઠ્ઠુ બોલે છે ?'' તેના જવાબમાં દત્તાએ નનામા ફોનની વાત કરી હતી. જવાબ સાંભળીને શર્માજી ખડખડાટ હસી પડયા હતા. બોલ્યા હતા : '' તો તો એ માણસ અર્જુનભાઈ વિષે રજેરજ જાણતો હોય. હવે ફરીવાર ફોન આવે તો મને બોલાવજો.'' જવાબમાં હસીને દત્તાએ કહ્યું : ''શર્માજી, એ વ્યક્તિનો ફોન કયારે ફરીવાર આવશે એનો મને થોડો અંદાજો હોય ? આતો જે મુજબ ફોન આવ્યો તેની તમને વાત કરી.''

''ચિંતા ન કરો. હું અર્જુનભાઈ પાસેથી જ ડીટેઈલ મેળવી લઈશ. જો નનામા ફોનની વાતમાં તથ્ય હોય તો આપણે ઉકેલ પણ લાવીશું. '' પરંતુ એવો કોઈ ઉકેલ તો બે ચાર દિવસમાંય આવ્યો નહીં. એટલે એક દિવસ દત્તા કોઈને પણ કહ્યા વગર પોલીસ સ્ટેશન પહોચ્યાં. એ પોલીસ સ્ટેશન પહોંચ્યા ત્યારે ઈનસ્પેકટર અજય ગીતાજી જેવો મહાન ધર્મગ્રંથ વાંચી રહ્યા હતા. દત્તા આશ્ચર્યમાં ડૂબી ગયા : ''ઈન્સ્પેકટર સાહેબના હાથમાં જે પુસ્તક છે એ તો ગીતાજી છે ! ઓહ...! તેમના હૃદયમાંથી આશ્ચર્ય સાથે ખુશીનું વાદળ છલકાઈ ઉઠ્યું.

ચેમ્બરના દરવાજામાં કોઈ આવીને ઊભું છે એનું પણ ઈન્સ્પેકટરને ધ્યાન ભાન નહોતું તેઓ તો ગીતાભ્યાસમાં ડૂબેલા હતા. એતો બહારથી ધરડ... ધરડ... પગ ઘસડતો કોન્સ્ટેબલ ચમન આવીને ઊભો રહ્યો ત્યારે ઈન્સ્પેકટર અજયનું ધ્યાન ગયું તો દરવાજામાં ચમન અને કોઈ અજનબી પણ ઊભુ હતુ. ઈન્સ્પેકટરને અધૂરી રહેલી વાંચનપત્રી જાણે છોડવી પડી. છેલ્લે પાને મૂકેલું મોરપિચ્છ લઈને જયાં વાંચતા હતા ત્યાં મૂકીને પુસ્તક સંકેલ્યું અને ટેબલ પર મૂક્યું. તેમની અને દત્તાની આંખો ચાર થઈ.

''આવો.'' તેમણે દત્તાને આવકાર આપ્યો. દત્તા અંદર આવ્યા પોતાની ઓળખાણ આપી. તો સામે બેસવાનો ઈશારો કર્યો દત્તા સામે ખુરશી પર બેઠા કે ઈન્સ્પેકટરને યાદ આવ્યું : ''હા, ચાર - પાંચ દિવસ પહેલા એક વડીલ મળ્યા હતા. અહીં નીકળ્યા હતા અને મને જોયો કે તેઓ મળવા આવ્યા. રૂદ્રવિજયસિંહ કે એવું જ કૈંક નામ હતું તેમનો સન.. આઈ થિન્ક હીઝ નેમ ઈજ લાઈક અર્જુનસિંહ... હમ્મ યાદ આવ્યું. '' ઈન્સ. અજયે કહ્યું : ''તેઓ તમારી સાથે જ છે કે ?''

''યસ્સ સર. '' દત્તા હસ્યા પછી મનમાં જ બોલ્યા : ''સાહેબ, એ અર્જુનસિંહે જ સ્તો મને ચકરડીએ ચડાવ્યો છે એક તો એમના બાપુ મને તેમની આખા ઘરની સારસંભાળ રાખવાની જવાબદારી સોંપતા ગયા અને એમાંયે ખાસ તો અર્જુનની જ સ્તો ! એટલે જ સ્તો આવવું પડયું છે. નહિંતર તો ?'' વિચારોમાં ને વિચારોમાં દત્તાના હોઠ ફફડી રહ્યા.

''સારસંભાળ ? જવાબદારી ? અર્જુનસિંહની ???'' ઈન્સ્પેટરે આ બબડાટ સાંભળ્યો અને તેઓએ પૃચ્છા શરૂ કરી દીધી ''હા... હા.... જસ્ટ... એક વાત કરવી હતી. કોઈ સીરિયસ મેટર નથી બટ... લાઈક ટુ અન ફોર્ચ્યુનેટલી... મને લાગે છે કે તમને મળું.'' ''હા તો બોલોને સર... એના માટે તો બેઠા છીએ..''

''હા... તો સર વાત એવી બની છે કે...'' દત્તાએ થોડી મુંઝવણના ભાવ સાથે વાત શરૂ કરી.

---

ઘર તો માંડ માંડ આવ્યું. રાજેશ્વરીબાના હાર્ટબીટ લગભગ કયાંય સમાતા નહોતા. ચહેરા ઉપર પરસેવો નીતરી રહ્યો હતો. ગયા ત્યારે એકદમ સ્વસ્થ લાગતી મા, દવાખાનેથી આવીને નજર સામે સોફા ઉપર ફસડાઈ પડેલી જોતા અનિતાને પણ અજુગતું લાગ્યું અને પછી એ પણ ઘેરી ચિંતામાં ડૂબી જતા માને સંભળાતા ચિંતાતૂર આવાજે પૂછી બેઠી : ''મા, મા શું થયું ?'' '' મને કાંઈ નથી થયું. આને થયું છે એને પૂછ.'' રાજેશ્વરી બાએ અણગમાના અને તુચ્છકારના ભાવ સાથે સામે નજરો ઢાળીને બેઠેલી રવિનાને પૂછયુ ''રવિના, શું થયું ?'' પણ રવિનાએ મૌન રહેવાનું ઉચિત માન્યું.

'' અરે , બોલ તો ખરી, માને થયું છે શું ?'' અનિતાએ રવિનાને હબડાવતા કહ્યું : '' તમે બેઉ આમ મોઢામાં મગ ભરીને કેમ બેઠા છો. વાતનો ફોડ તો ફોડો ''

''ફોડલો ફૂટી ગયો આબરૂનો...'' કાળઝાળ અવાજે રાજેશ્વરી બા બોલ્યા : ''મને ખબર નહોતી કે આ પાપ....''

ત્યાંજ અર્જુન ઘરમાં પ્રવેશ્યો તો ઘરનું વાતવરણ કંઈક અલગ અને તણાવવાળુ લાગ્યું એ તો બેખબર હતો. એણે લાગલું પૂછયું : '' શું થયું બા ? રીપોર્ટ આવી ગયો ? રવિનાને ડોકટરે શું કહ્યું ?''

''ડોકટરે જે કીધું એ તારે સાંભળવું જ હોય તો કહી દઉ કે રવિનાના પેટમાં ચાર અઠવાડિયાનો ગર્ભ છે. મને ખબર નહોતી કે તું આ ઉકરડાનું ગોબર ઘરમાં લાવીને બેઠો છે. કોને ખબર કોનું પાપ સંઘરીને લાવી છે...'' ''એ ઉકરડાનું ગોબર નથી બા !'' રવિનાના અવાજના ત્રણ ત્રણ કટકા થયા જાણે. એ ટંકણખાર જેવા અવાજે બોલી : ''પણ જો એને પાપ જ કહેતા હોવ તો પણ મને વાંધો નથી. પણ આ પાપ તમારા દીકરાનું છે. હવે એમને જ પૂછો. મારા પેટમાં જે પાપ છે એ તો એક મહિનાનું જ થયું છે ને ? ડોકટરે સમયગાળો આપ્યો જ છે. જયારે હું તો અહી ત્રણ મહિનાથી આવી છું. મતલબ, કે હું આવી ત્યારે કુંવારી હતી. પણ મને બેજીવી બનાવનારને પાપી કહેતા હો તો એ બીજુ કોઈ નહીં પણ આ સામે ઊભા એ તમારા કુંવર છે. મને ઓધાન એમણે રાખી દીધું છે સમજયા ? એક તો સમજાવી પટાવીને મને ઘરે લાવ્યા અને પછી મારી મજબૂરીનો ફાયદો એમણે જ ઉઠાવ્યો છે. ખોટું હોય તો પૂછો એમને નહિંતર હું તમે કહો ત્યાં હાથ મૂકવા ય તૈયાર છું !! ''

રવિનાના ધગધગતા વેણ સાંભળી રાજેશ્વરીબાના તો રૂંવાડે રૂંવાડે આગ લાગી ગઈ. વાત સાંભળીને તો અનિતાના પગ તળેથી ધરતી સરકી ગઈ અને અર્જુનને લાગ્યું કે પોતે નથી ફરતો પણ આખું ઘર ગોળ ગોળ ફરે છે. એ ધબ્બ દઈ ત્યાંને ત્યાંજ ફસડાઈ પડયો.

રાજેશ્વરીબા ઊભા થયા અને જમીન ઉપર ફસડાઈ પડેલા અર્જુનના ડાબા જમણા ગાલે એક એક તમાચો જડી દીધો : ''તે આ પાપ કર્યું ? મારા પેટે ? મારા લોહીએ આ કરમ કર્યું ?''

અર્જુન ધ્રુજવા લાગ્યો. તેની આંખમાં પાણી આવી ગયા. રાજેશ્વરીબાએ પડખે જ પડેલી હોકી સ્ટિક ઉઠાવી અને ભયંકર ચીસો પાડતા પાડતા અર્જુનના મોઢે માથે બરડે જયાં હાથ પડે ત્યાં સટાસટી વિંઝવા લાગ્યા. અનિતા દોડીને આડી પડી તો હોકીના બે ત્રણ ઘા તેના હાથે પણ ઝૂંટળી લીધી અને બે ઘા રવિનાની પીઠમાં ઝીંકી દીધા રવિના ''ઓ મા...'' કરતી ચીસ પાડીને અર્જુનની આડી સંતાવા લાગી અને રાજેશ્વરીબા લાંબો રાગ કાઢીને મોટેથી રોઈ પડયા. ઘડી પહેલાનું હસતુ ખેલતું ઘર ઘડીકમાં તો ચીસો અને રીડિયારમણથી ગાજી ઉઠયું. પડખે રહેતા પાડોશીઓ દોડી આવ્યા વાતનો તાગ તો તેઓ મેળવી ન શકયા પણ સૌ પ્રથમ તેણે રાજેશ્વરીબાને શાંત પાડયા અને અનિતાએ દત્તા સાહેબને ફોન કરીને તાત્કાલિક ઘરે તેડાવ્યા દત્તા હાંફળા ફાંફળા થતા અર્જુનના ઘરે આવ્યા ત્યારે ઘરની પરિસ્થિતિ, ભયંકર આગ લાગ્યા પછી ખાક થઈ ગયેલા ઘર જેવી હતી. ચારે તરફ ધૃણા, તિરસ્કાર અને નફરતની રાખ ઉડતી હતી.

''શું થયું બા ?'' દત્તા ગૂમસૂમ બની, સોફા ઉપર હાથને લમણે ટેંકવીને બેઠેલા રાજેશ્વરી બાની સાવે અડોઅડ બેસી જતા પીઠ ઉપર હાથ મૂકતા પૂછયું કે રાજેશ્વરીબા ના હૈયાનાં બંધ છૂટી ગયા... અનિતા દોડીને ઘરનો દરવાજો બંધ કરી આવી પણ તોય પાડોશીના કાન આ તરફ ઊંચકાયા. દત્તાએ રાજેશ્વરીબાને છાના રાખવાનો પ્રયત્ન કરતા અર્જુનને પૂછયું : ''શું થયું છે ? કેમ, તાત્કાલિક મને ઘરે બોલાવ્યો ? સમથીંગ રોંગ ?''

જવાબમાં રાજેશ્વરીબાએ વીજળીક ગતિએ ઊભા થઈને અર્જુનના ગાલે ફરી વખત એક તમાચો જડી દેતા કહ્યું : ''મારા કૂળદીપકે કાળુ કામ કરી નાખ્યું છે સાહેબ!!'' અને ફરીને હિબકે હિબકે રડી પડયા. ત્યાંજ અર્જુનના ફોનમાં એક મેસેજ પડયો : ''ટિણીંગ....'' (ક્રમશઃ) ■

# એક પછી એક એમ બધાં બાળકો હરોળમાં વ્યવસ્થિત ઉભાં રહ્યાં




ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

હવે થોડે દૂરથી બસની બારીમાંથી ગિરનાર પર્વત દેખાઈ રહ્યો હતો. તેની સુંદરતા તો ઔર જ હતી. લાગે કે અહીંની પ્રકૃતિને બસ જોયા જ કરીએ આંખો પણ ન થાકે. ઊંચા નીચાં સુંદર ડુંગરા.... લીલાં છમ્મ હારબંધ વૃક્ષો આનંદ સાથે ઘોંઘાટ કરતાં બાળકો જૂનાગઢ પહોંચી ગયા. બસ પણ હવે તો દામોદર કુંડ થઈ ભવનાથ તળેટીમાં પહોંચી ગઈ. ત્યાં આગળ પ્રેરણાધામમાં લાલ ગેબી અશ્રમના તોતિંગ દરવાજા પાસે બસ ઊભી રહી.

બસ ઊભી રહેતા દામલે જ્યોતિને કહ્યું : ''તું અને બધાં બાળકો બસમાં જ રહેજો. કોઈ બહાર ન નીકળતા. હું વ્યવસ્થાપકને મળીને પાછો આવું છું.''

દામલ બસમાંથી નીચે ઊતરી પ્રેરણાધામના ગેટમાં દાખલ થયો. લગભગ પંદર મિનિટ પછી તે પાછો આવ્યો, બસમાં આવી બધાં બાળકોને શાંત કરી જ્યોતિને કહ્યું : બધાં બાળકોને લાઈનમાં ઊભો રાખી, ધીમે ધીમે દરવાજામાં દાખલ થવાનું છે. કોઈએ અવાજ કરવાનો નથી. અને હા ઉતારાની સગવડ થઈ ગઈ છે..'' આટલું બોલી તે ફરીથી બસ નીચે ઉતર્યો તેની પાછળ જ્યોતિ અને પછી એક એક કરીને બધા બાળકો પણ નીચે ઊતર્યા !

શિસ્તબધ્ધ હરોળમાં બાળકો ગોઠવાયા પછી સૌથી આગળ દામલ ધીમે ધીમે ચાલ્યો. છેલ્લે જ્યોતિ હતી. ધીમે ધીમે એક પછી એક એક બધાં જ દરવાજામાં પ્રવેશ્યાં. મોટું મેદાન વટાવી પછી એક મોટા હોલમાં બધાંને આવવાનું દામલે હાથના ઈશારાથી સૂચન કર્યું :

જ્યોતિએ જોયું તો હોલ તો ખૂબજ મોટો અને ચોખ્ખો હતો ત્રીસને બદલે આઠ - સિત્તરે બાળકો આરામથી ઊંઘી શકે તેટલો મોટો હોલ હતો. વળી અંદરના ભાગમાં જ ટોયલેટ - બાથરૂમ અને પાણીની ખૂબ સારી સગવડતા પણ હતી. હોલની જમણી તરફ સામેના ખૂણામાં એક મોટો રૂમ પણ હતો બસ..., શૈક્ષિણક પ્રવાસીઓ માટે તો આટલી સગવડતા ખૂબજ સારી કહેવાય.

આખો હોલ સ્વચ્છ અને સુઘડ હતો પરંતુ ઊંડે ઊંડે જ્યોતિ થોડી થોડી ઉદાસ દેખાઈ રહી હતી. તેની ઉદાસી પારખતા દામલ હવે બોલ્યો : ''મોટો અને સારો હોલ છે. બાળકો માટે આવી જગા સારી કહેવાય. જોને આવડા મોટા હોલમાં એક મોટા રૂમની સગવડતા પણ છે. જે પ્રવાસી શિક્ષક માટે સારૂં કહેવાય.''

હવે દામલે તેના હાથવતી જોરથી તાળી પાડી બધાં છોકરાઓની સામે જોઈ કહ્યું : ''તમે બધા અર્ધો કલાકમાં તૈયાર થઈ જજો આપણે જેમ વ્યવસ્થિત રીતે હારબંધ દાખલ થયા એવી જ રીતે અહીંથી પાછા બસમાં બેસવાનું છે. આજે આપણે બધાંને ઉપરકોટના કિલ્લામાં ફરવા જવાનું છે. ચાલો... હવે સૌ તૈયાર થવા માંડો. ઘરેથી નાસ્તો લઈ આવ્યા હો તો નાસ્તો પણ કરી લેજો....''

સાહેબના શબ્દો સાંભળતાવેત સૌ છોકરાંઓ પોતાના થેલામંથી કપડાં, નાસ્તો... બહાર કાઢવાના કામમાં લાગી ગયા. આટલું થયા પછી દામલે જ્યોતિને કહ્યું : ''ચાલ તો, આપણે પેલો રૂમ તો જોઈએ...''

દામલની પાછળ જ્યોતિ ચાલી. રૂમ ખોલી દામલ અંદર દાખલ થયો જ્યોતિ પણ તેની પાછળ ચાલી રૂમમાં નજર કરી તો ખૂબ જ સારો અને સ્વચ્છ હતો. નાનકડું એવું એક ટેબલ અને ટિપોઈ પણ હતી. આમાં સિંગલ બેડની બે સેટી પણ હતી બન્ને સેટી સામે દીવાલ સાથે રાખવામાં આવેલી હતી એટલે કે એકબીજાથી દૂર સેટી પર ગાદલું અને ચાદર પણ હતી. છત પર પંખો પણ હતો.

આવી સારી સગવડવાળો રૂમ જોઈ જ્યોતિ બોલી : ''રૂમ તો એકંદરે ખૂબ જ સારો છે. ઊંઘ આવી જશે...! પણ....'' એ આગળ બોલતા અટકી.

એટલે : ''પણ શું ?'' દામલે પૂછયું.

''કંઈ નહીં...., આ તો...''

દામલે પણ આગળ વાત વધારી નહીં, સીધુંજ પૂછયું : ''આપણે પણ ચા પણી કે પછી નાસ્તો કરવો હોય તો બહાર જઈએ...''

''ના...'' જ્યોતિ બોલી : ''સવારમાં તો નાસ્તો કર્યો, હવે ઈચ્છા નથી.''

આમ સવારના દસ થયા. બાળકો હોશમાં ઝડપથી તૈયાર થઈ ગયાં હતાં. તેઓનો ઉત્સાહ જોતાં દામલે વળી બધાંને હુકમ કર્યો : ''તમે બધાં તૈયાર છો એટલે હવે લાઈનમાં ગોઠવાઈ જાઓ પાછું બસમાં જ બેસવાનું છે. બસ આપણને ઉપરકોટના કિલ્લા સુધી લઈ જશે. ચાલો બધાં...., લાઈનમાં ઊભાં રહો...''

એક પછી એક એમ બધાં બાળકો હરોળમાં વ્યવસ્થિત ઉભાં રહ્યાં. પછી ધીમી ચાલે ચાલી બસ સુધી પહોંચ્યા બસમાં બધાં ગોઠવાયાં. બસ ચાલુ થઈ અને પંદર - વીસ મિનિટમાં તો ઉપરકોટ પહોંચી ગઈ.

ઉપરકોટની ભવ્યતા જોઈ બાળકો તો ઠીક પરંતુ જ્યોતિ પણ આનંદ સાથે ઝૂમી ઉઠી ! ત્યાં તો એ સમયે એક મોટી ઉંમરનો પુરૂષ દામલ પાસે આવ્યો ને બે હાથ જોડી ઊભો રહ્યો. પછી વિનંતી કરતાં બોલ્યો : ''સાહેબ, હું ગાઈડ છું. ઉપરકોટનો ઈતિહાસ મને મોઢે છે. આ બધાં ભૂલકાઓને હું સમજાવીશ. મારૂં મહેનતાણું તમારે જે આપવું હોય તે આપજો, પણ ના ન કહેશો...''

આવી રીતે ગાઈડ પણ મળી જતા દામલ અન જ્યોતિની અર્ધી ચિંતા તો ટળી હતી. પાસ અને ટિકિટની પ્રાથમિક વિધિ પતાવતા પંદરેક મિનિટ એમ જ પસાર થઈ પછી ઉપરકોટના કિલ્લાને આવરી લેતી તમામ બાબત, કયાંથી શરૂઆત કરવી, પહેલાં કયાં જવાનું વગેરે વગેરે ગાઈડની આજ્ઞા પ્રમાણે કરવાનું હતું. એટલે ગાઈડ આગળ ચાલ્યો અને બધા વિદ્યાર્થીઓ તેની પાછળ પાછળ ચાલ્યાં. સૌથી છેલ્લે દામલ અને જ્યોતિ હતાં તે પણ ચાલવા લાગ્યાં.

(ક્રમશઃ) ■

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# તોરી ગામે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં અરજદારની અરજીઓનો સ્થળ પર નિકાલ

**સ્થળ પર જ સરકારી કામો થતાં અરજદારોને હાશકારો**


તસવીર : વિનુભાઈ કોટડીયા

તોરી, તા.૨૧

વડીયા તાલુકાનાં તોરી ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. રાજય સરકારનાં જુદા-જુદા વિભાગો દ્વારા લોકોનાં પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને અરજદારોનાં આધારકાર્ડ સુધારવા, રેશનકાર્ડમાં સુધારા-વધારા, આવકના દાખલાઓ, જાતિનાં પ્રમાણપત્રો સહિત કુલ ૨૩૮૮ અરજીઓ આવેલ હતી. આ તમામ અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. આધારકાર્ડની કામગીરીમાં નેટવર્ક ધીમું હોવાથી લોકોને હાલાકીનો સામનો કરવો પડયો હતો. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી, મામલતદાર, ધારસભ્ય કૌશિકભાઈ વેકરીયા, પરશોતમભાઈ, યોગેશભાઈ હિરપરા, પરેશભાઈ કોટડીયા સહિતનાઓનાં સહકારથી સેવાસેતુ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# એસ.એસ.ગજેરા કેમ્પસના DLSSના ખેલાડીઓએ હોકી ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો

અમરેલી, તા.૨૧

તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ જવાહરલાલ નહેરુ અંડર-૧૫ બોયઝ હોકી ચેમ્પિયનશીપનું આયોજન સફળતાપૂર્વક થયેલ હતું. આ સ્પર્ધામાં જિલ્લાના વિવિધ શાળાઓમાંથી આવેલ હોકી ટીમો દ્વારા પ્રતિનિધિત્વ કરવામાં આવેલ. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના જિલ્લા કક્ષા



સ્પોર્ટ્સ સ્કૂલ હોકી ટીમના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ હતો. જેઠવા અક્ષય, ગોહિલ યુગ, બારીયા કુલદીપ, ગોંડલીયા ધ્રુવ, ગોરી સલમાન, સરવૈયા સંજય, પટેલ વંશ, મકવાણા સુજલ, મકવાણા અસ્મિત, મુસાસાગરા અલ્ફેજ, રાતડીયા આર્યન, વાઘેલા જનક, સાંગ્રા વ્રજ, વાઘેલા નયન, રાઠોડ રાજન, સોલંકી જેશપાલએ અંડર-૧૫ બોઈઝ હોકી ચેમ્પિયનશીપમાં વિજય મેળવેલ. વિજેતા તમામ ખેલાડીઓને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા હતા.

# બારોટ સમાજ ટ્રસ્ટ - અમરેલીના પ્રમુખ તરીકે નારણભાઈ લગધીરની વરણી

અમરેલી, તા.૨૧




બારોટ સમાજ ટ્રસ્ટ-અમરેલીની તાજેતરમાં મળેલી સામાન્ય સભામાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. ટ્રસ્ટના નવા પ્રમુખ તરીકે નારણભાઈ લગધીરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પૂર્વ પ્રમુખ રાજેશભાઈ રેણુકાની કમિટીને ત્રણ વર્ષ પૂરા થતાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. નવનિયુક્ત પ્રમુખ લગધીરે પૂર્વ પ્રમુખની કામગીરીને બિરદાવી હતી અને શાલ ઓઢાડીને તેમનું સન્માન કર્યું હતું. પ્રમુખપદ સ્વીકારતાં લગધીરે જણાવ્યું હતું કે, ×સમાજમાં હોદ્દાઓની હોડમાં ન પડતા સમાજનું કામ કરવા લાગીએ તો હોદ્દાઓ આપોઆપ આવી જાય છે.× તેમણે સર્વે સભ્યોનો આભાર માન્યો હતો.

# રાજયમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાનમાં ૨૫ લાખથી વધુ લોકો જોડાયા

અમરેલી,તા.૨૧

મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે પણ 'સ્વચ્છ ભારત મિશન'ના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં ''સ્વચ્છતા હી સેવા અભિયાન, સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા'' અભિયાનનું આહવાન કર્યું છે. વડાપ્રધાનના આહવાનને ઝીલી લઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પણ ગત તા. ૧૭ સપ્ટેમ્બરથી ''સ્વચ્છતા હી સેવા'' અભિયાનનો શુભારંભ થયો છે. ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલે ગાંધીનગરના છત્રાલ ગામ ખાતે શ્રમદાન કરીને આ અભિયાનને વેગ આપ્યો છે. ગુજરાતમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન



માત્ર ચાર જ દિવસમાં જન આંદોલનમાં પરિવર્તિત થયું છે. આ અંગે વિગતો આપતા ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, માત્ર ચાર જ દિવસમાં રાજ્યના આશરે ૨૫ લાખથી વધુ લોકોએ આ અભિયાનમાં જોડાઈને કુલ ૨૭ લાખથી વધુ કલાકનું શ્રમદાન કર્યું છે. તા. ૧૭ થી ૨૦ સપ્ટેમ્બર સુધીમાં રાજ્યભરમાંથી ૧ લાખ કિ.ગ્રાથી વધારે કચરો અને એમાં પણ આશરે ૬૦ હજાર કિ.ગ્રાથી વધુ સિંગલ-યુઝ પ્લાસ્ટિક એકત્રિત કરીને તેનો સુયોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે.

# આદ્રી ગામે આવતીકાલે ગૌશાળાના લાભાર્થે ભવ્ય લોકડાયરો યોજાશે

ગીર સોમનાથ, તા.૨૧

ગીર સોમનાથના દરિયા કિનારે આવેલુ આદ્રી ગામ શ્રી મહાકાળી માતાજીની શક્તિપીઠ અને દધીચી ઋષિની તપોભૂમિ જેવા ધાર્મિક સ્થળો સાથે રાજકીય એપી સેન્ટર તરીકે સમગ્ર પંથકમાં પ્રખ્યાત છે. આ ગામના લોકો ભાદરવા માસના સોમવારે કોઈ કામ ધંધો કરતા નથી સાથે પશુઓના દૂધ પણ વેચાણ માટે આપતા નથી. ભાદરવા માસના ત્રીજા સોમવારે વર્ષોથી અહીં પરંપરાગત ઉત્સવ ઉજવવામાં આવે છે, જેમાં ગૌ માતાની રક્ષા કાજે પોતાના પ્રાણની આહુતિ આપનાર વાછરાદાદાના મંદિરે નિવેદ્ય અને ધ્વજારોહણ સાથે સમગ્ર ગામ એક પંગતે ભોજન પ્રસાદ લે છે. આ કાર્યક્રમમાં ગૌમાતા માટે પોતાના પ્રાણ આપનાર વાછરાદાદાને યાદ કરીને ત્રીજા સોમવારે વર્ષોથી ગૌશાળાના લાભાર્થે ભવ્ય લોકડાયરાનુ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ તારીખ ૨૩ સપ્ટેમ્બરે-સોમવારે રાત્રે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

# મુખ્યમંત્રીની મુલાકાત વખતે ધારી ગ્રામ પંચાયતના સામાજિક ન્યાય સમિતિના મહિલા ચેરમેનને બાકાત રખાતા રોષ

ધારી, તા.૨૧

ધારી ગ્રામ પંચાયતના સામાજિક ન્યાય સમિતિના મહિલા ચેરમેનની મુખ્યમંત્રીના કાર્યક્રમમા બાદબાકી કરાઈ, હતી અને જાણીબુજીને અપમાનિત કરાયા હતા. ૨૦/૦૯/૨૦૨૪ ના રોજ રાજયના મુખ્યમંત્રી એક દિવસના અમરેલી જિલ્લાના પ્રવાસે હતા. અમરેલી બસ પોર્ટનું ઉદઘાટન કર્યા બાદ મુખ્યમંત્રીનો ધારીનો પણ પ્રવાસ ગોઠવવામાં આવેલ હતો. જેમાં અનેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ અને પદાધિકારીઓને આ કાર્યક્રમોમા હાજર રહેવા આમંત્રણ પાઠવવામાં આવેલ હતું. મુખ્યમંત્રીના કાર્યક્રમમા ધારી ગ્રામ પંચાયતના અનુસૂચિત જાતિના મહિલા ચેરમેન કિરણબેન વાળાને જ્ઞાતિ આધારિત ભેદભાવ રાખી પદાધિકારી હોવા છતાંય પાસ આપવામાં આવ્યો ન હતો અને પાસ ન આપી કાર્યક્રમમાથી બાદબાકી કરી અપમાનિત કરેલ હતા. સ્થાનિક પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓને આ બાબતે વાત કરતા ઉડાઉ જવાબ આપવામાં આવેલ અને એકબીજાના નામો આપી ખો દેવામાં આવેલ હતી. આમ મુખ્યમંત્રીની મુલાકાત વખતે જ સરકારની બેધારી નીતિ અને દલિત સમાજ વિરુદ્ધનો ચહેરો સામે આવ્યો હતો.

# કોડીનારના શેઢાયા-નગડલા વચ્ચે પેવર રોડ બનાવવા ખેડૂતોની રજૂઆત



ડોળાસા, તા.૨૧

કોડીનાર તાલુકાના શેઢાયાથી નગડલા સુધીના રોડને પેવરથી મઢવા બંને ગામના ખેડૂતોએ માંગ કરી છે. ગ્રામપંચાયત કાર્યાલયમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગ્રામજનો દ્વારા અનેક પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં સૌથી વધુ ભાર શેઢાયાથી નગડલા સુધીના અત્યંત બિસ્માર રોડને પેવરથી બનાવવાની માંગ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ બાબતે યોગ્ય કાર્યવાહી માટે શેઢાયા ગ્રામ પંચાયત દ્વારા સંબંધિત અધિકારીઓને રજૂઆત કરવામાં આવી છે. આ રોડ બનવાથી બંને ગામો વચ્ચેનું અંતર ઘટશે અને અનેક સમસ્યાઓનું નિરાકરણ આવશે. રોડના નિર્માણથી લાભાન્વિત થનાર લોકોમાં ખેડૂતો, પશુપાલકો અને શાળાએ જતાં બાળકોનો સમાવેશ થાય છે. હાલમાં ચોમાસામાં ખરાબ રસ્તાને કારણે બાળકો શાળાએ જઈ શકતા નથી. ગ્રામજનોએ આ રસ્તા પર થયેલા દબાણો સામે તાત્કાલિક પગલાં લેવાની માંગ પણ કરી છે.

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં

નં.જન્મ/ કેસ/રજી.નં.૬૫/૨૦૨૪

**પ્રતિઃ**

શ્રી લખીબેન કાનજીભાઈ બામણીયા ....અરજદાર
રહે. માઢવાડ, ગામ- માઢવાડ,તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી પી.એન.વાજા તથા જી.એન.સોલંકી રહે. કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ-માઢવાડ-કોટડા જુથ ગ્રામ પંચાયત, તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના માઢવાડ ગામના રહીશ **શ્રી કાનજીભાઈ ભગવાનભાઈ બામણીયા તથા લખીબેન કાનજીભાઈ બામણીયાની પુત્રી શ્રી દયાબેન કાનજીભાઈ બામણીયા નો જન્મ** તા.૦૩/૦૪/૧૯૮૪ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના માઢવાડ ગામના સને ૧૯૮૪ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૧૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

**સહિ**
**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં

નં.જન્મ/ કેસ/રજી.નં.૬૪/૨૦૨૪

**પ્રતિઃ**

શ્રી રામાભાઈ પુંજાભાઈ ચાવડા ....અરજદાર
રહે. કોટડા, ગામ- કોટડા,તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી પી.એન.વાજા તથા જી.એન.સોલંકી રહે. કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોટડા ગામના રહીશ **શ્રી રામાભાઈ પુંજાભાઈ ચાવડા તથા શ્રી સોનાબેન રામાભાઈ ચાવડાની પુત્રીશ્રી કમળાબેન રામાભાઈ ચાવડાનો જન્મ** તા.૦૧/૦૬/૧૯૮૯માં કોડીનાર તાલુકાના કોટડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના વેલણ-માઢવાડ-કોટડા જુથ ગ્રામ પંચાયત ગામના સને ૧૯૮૯ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૧૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

**સહિ**
**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ -જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર ૯૫/૨૦૨૪

અરજદાર :- શ્રી જીવણભાઈ હાદાભાઈ ખસિયા
સરનામુઃ- મું. નાગેશ્રી, તા. જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રી નાગેશ્રી, તા. જાફરાબાદ, જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામના શ્રી જીવણભાઈ હાદાભાઈ ખસિયા એ તેમના **પુત્ર નામે શ્રી જીતેન્દ્રભાઈ જીવણભાઈ ખસિયા** નો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૬ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ કિર્તીભાઈ બી. પરમાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૫ માહે સપ્ટેમ્બર સને-૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા

**સ્થળઃ- રાજુલા.**
**તા. ૦૫/૯/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી,**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# બોડીદર ગામે ભવ્ય લોકમેળો યોજાયો


તસ્વીર : અનીલ કાનાબાર

ડોળાસા, તા.૨૧

ગીર ગઢડા તાલુકાના બોડીદર ગામના ખોડીયાર ગઢ ખાતે લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતુ. આજુબાજુના અનેક ગામોના લોકોએ આ મેળો માણ્યો હતો. ઉપરાંત આયોજકો દ્વારા લોકડાયરાનું પણ આયોજન કર્યું હતું. જેનો પણ લોકોએ લાભ લીધો હતો. બોડીદર ગામલોકો તરફથી મેળામાં ચાનો નિઃશુલ્ક સ્ટોલ પણ રાખવામાં આવ્યો હતો.

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં

નં.મરણ/ કેસ/રજી.નં.૨૮/૨૦૨૪

**પ્રતિઃ**

શ્રી રફીકભાઈ હાસમભાઈ હાલાઈ ....અરજદાર
મુ. નગડલા, ગામ- નગડલા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી પી.એન.વાજા તથા જી.એન.સોલંકી રહે.કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, નગડલા, તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના નગડલા ગામના રહીશ **શ્રી રફીકભાઈ હાસમભાઈ હાલાઈની પત્નિ સફીયાબેન રફીકભાઈ હાલાઈનું મરણ** તા.૨૭/૦૫/૨૦૦૨ ના રોજ કોડીનાર તાલુકાના નગડલા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના નગડલા ગામના સને ૨૦૦૨ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૧૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

**સહિ**
**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**


પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

PGVCL

રજી. અને કોર્પોરેટ ઓફિસ, પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન
નાના મવા મેઈન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ– ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908
ફોનઃ (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭
Email: info.pgvcl@gebmail.com: Web site: www.pgvcl.com

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (pgvcl) ના માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે જે વીજ થાંભલા પરથી વીજ જોડાણ આપવામાં આવેલ હોય તે સિવાયના (pgvcl)ના વીજ માળખા/ અન્યના વીજ જોડાણ માંથી પોતાની રીતે અથવા અન્ય કોઈ રીતે બિનઅધિકૃત વીજ જોડાણ કરવુ ગેરકાયદેસર છે. આ રીતે બિનઅધિકૃત વીજ જોડાણ કરવાથી વીજ માળખામાં કામગીરી કરતા (pgvcl)ના કર્મચારી અને ઠેકેદાર દ્વારા લાઈન બંધ કરેલી હોવા છતાં રીર્ટન પાવર આવવા ની શકયતા રહેલી છે અને આથી વીજ કર્મચારી / ઠેકેદારો ના માણસોને પ્રાણઘાતક અકસ્માત થઈ શકે છે, તેમજ તાજેતરમાં બિનઅધિકૃત વીજ જોડાણના લીધે વીજ કર્મચારીના પ્રાણઘાતક અકસ્માતના દુઃખદ કિસ્સાઓ બનેલ છે, જેથી ગ્રાહક / આસામી સામે પોલીસ ફરીયાદ કરવામાં આવેલ છે. આ ગેરકાયદેસર કામ કરનારને જેલની સજા થઈ શકે છે.

જિંદગી અમૂલ્ય છે તેને જોખમમાં ન મુકો
સલામતી અપનાવો જિંદગી બચાવો.

તા. /૦૯/૨૦૨૪
પીજીવીસીએલ, રાજકોટ
મુખ્ય ઈજનેર (ટેક).



પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

PGVCL

રજી. અને કોર્પોરેટ ઓફિસ : '' પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન''
નાના મવા મેઈન રોડ,લક્ષ્મીનગર, રાજકોટ-૩૬૦ ૦૦૪
CIN : U40102GJ2003SGCO42908 ફોનઃ (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭
Email:info.pgvcl@gebmail.com; web site:www.pgvcl.com

**વીજ અકસ્માત અટકાવવા માટે નાગરિકોએ ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો.**

વીજ વિક્ષેપ અંગે ગ્રાહક સુવિધા કેન્દ્રના ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ નો સંપર્ક કરો તેમજ અન્ય નં. ૧૯૧૨૨ પર સંપર્ક કરવો

૧. દરેક બાંધકામનું ઈલેકિટ્રકલ નેટવર્ક થી સલામત અંતર જાળવવું જરૂરી છે. અન્યથા વીજઅકસ્માત થઈ શકે છે.
૨. ભારે / મોટા વાહનચાલકો જેવા કે બસ, ટ્રક, હાઈડ્રોલીક ડમ્પર, તથા ઉંચાઈવાળા ભારે વાહનોને વીજલાઈનની નીચે / નજીક ઉભા રાખવા નહિ.
૩. ભીના હાથે સ્વીચો / પ્લગોને ના અડકવું, વીજ થાંભલા, ડીસ્ટ્રીબ્યુશન બોક્ષ, ટ્રાન્સફોર્મર સેન્ટર,લાઈન વિગેરેને અડકવું નહિ અને તેનાથી દુર રહેવું. વીજ થાંભલા કે તેના તાણીયા સાથે ઢોર બાંધવા નહિ કે કપડા સૂકવવા માટે દોરી બાંધવી નહિ.
૪. ઈલેકિટ્રક શોકથી બચવા યોગ્ય ક્ષમતાની ISI માર્કવાળા RCCB/ELCB તેમજ ઓવરલોડ / શોર્ટ સર્કીટથી બચવા યોગ્ય ક્ષમતાની MCCB/ફ્યુઝ વાપરવા જરૂરી છે.
૫. વાડી/ખેતરની ફરતે કે વીજલાઈનની નીચે સળંગ ધાતુની ફેન્સીંગ ન કરો તથા તેમાં વીજજોડાણમાંથી વીજ પ્રવાહ પ્રસારિત ન કરો, તે મુજબ વીજ પ્રવાહ પસાર કરવાથી કોઈ વન્ય પ્રાણી/ મનુષ્યને વીજઅકસ્માત થઈ શકે છે.

**જિંદગી અમુલ્ય છે તેને જોખમમાં ન મુકો– સલામતી અપનાવો જિંદગી બચાવો**

તા. /૦૫/૨૦૨૪
રાજકોટ
મુખ્ય ઈજનેર (ટેક), પીજીવીસીએલ,

# રાજકોટમાં પરિવારના ૯ સભ્યોનો સામૂહિક આપઘાતનો પ્રયાસ

**મુંબઈના ૪ વેપારીઓધે ઉઘરાણીના રૂા.૨.૭૫ કરોડ પરત આપતા ન હોવાનું સામે આવ્યુ**

રાજકોટ,તા.૨૧

રાજકોટમાં આજે સામૂહિક આપઘાતના પ્રયાસનો બનાવ સામે આવ્યો છે. શહેરના એક સોની પરિવારના ૯ સભ્યે ઉધઈ મારવાની દવા પી લેતાં તમામને સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. તમામની સ્થિતિ હાલ સ્થિર છે. મુંબઈના ૪ વેપારીને આપેલા સોનાના માલના પોણા ત્રણ કરોડ રૂપિયા ન આપતાં સોની પરિવારે આવું પગલું ભર્યાનું એક સ્વજને જણાવ્યું છે તેમજ બેંક લોન ભરપાઈ ન કરી શકતાં સામૂહિક આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. સોની પરિવારના ૯ સભ્યે રાત્રે અથવા વહેલી સવારે દવા પીધી હતી, જોકે બપોરના સમયે તમામને હોસ્પિટલ ખસેડાયા હોવાનું જાણવા મળ્યું છે. ગુંદાવાડીમાં આવેલા ગોવિંદપરામાં રહેતાં અને સોની બજારમાં પેઢી ધરાવતાં વેપારીએ પોતાના પરિવારના બીજા ૮ સભ્યો સાથે મળી ઝેરી દવા પી સામૂહિક આપઘાતનો પ્રયાસ કરતાં ખળભળાટ મચી ગયો છે. તમામ સભ્યોએ રાતે સરબતમાં ઉધઈ મારવાની દવા ભેળવીને પી લીધી હતી. જો કે, આજે બપોરે બધા ભાનમાં આવતાં સારવાર માટે હોસ્પિટલમાં પહોંચ્યા હતાં. અહીં તબીબે તપાસ કરતાં લગભગ તમામ સભ્યોની હાલત ભયમુક્ત જણાઇ હતી. વેપારીએ જણાવ્યું હતું કે, મુંબઇના ચાર વેપારી કે જેઓ એકબીજાના ભાગીદાર છે તેમણે મારી પાસેથી વિશ્વાસ કેળવી સોનાના દાગીનાની ખરીદી શરૂ કરી હતી અને શરૂઆતમાં સમયસર પેમેન્ટ ચૂકવી દીધુ હતું. પરંતુ બાદમાં પોણા ત્રણ કરોડનું સોનુ ખરીદ કર્યા પછી હવે લાંબા સમયથી હું ઉઘરાણી કરતો હોવા છતાં તેઓ મારી રકમ પરત આપતાં ન હોય ઘરમાં અને વેપારમાં આર્થિક ભીંસ ઉભી થતાં કંટાળીને અમે સામૂહિક આત્મહત્યાનો નિર્ણય કર્યો હતો. વધુમાં જણાવ્યું હતું કે, ત્યારબાદ ગત દિવાળી પહેલા મુંબઈના ચારેય ભાગીદાર મિત્રોએ મારી પાસેથી ૨૨ કેરેટના આશરે સાડા ત્રણ કિલો સોનાના દાગીના ખરીદ્યા હતાં. આ દાગીના પેટે મારે તેની પાસેથી ૨ કરોડ ૭૫ લાખ લેવાના હતાં. પરંતુ આ તમામે દિવાળી પછી ઉઘડતી બજારે નાણા પોતે ચૂકવી દેશે તેવી ખાતરી આપી હતી. પરંતુ બાદમાં તેણે હવે નવો માલ આપો પછી જ અમે પૈસા આપશું તેમ કહીને મારી પોણા ત્રણ કરોડની ઉઘરાણી ફસાવી દીધી હતી. મહિનાઓથી હું ઉઘરાણી કરતો હોવા છતાં આ ચારેય લોકો મને મારા નાણા ચૂકવતા નથી. આ કારણે મારા પરિવાર પર અને પેઢીમાં મોટુ આર્થિક સંકટ આવી ગયું છે.



**આપઘાત કરવાની કોશિશ કરનારાઓના નામ**

લલિત વલ્લભદાસ આડેસરા (ઉં.વ.૭૨), મીનાબેન લલિતભાઈ આડેસરા (ઉં.વ.૬૪), ચેતન લલિતભાઈ આડેસરા (ઉં.વ.૪૫), દિવ્યાબેન ચેતનભાઈ આડેસરા (ઉં.વ.૪૩), જય ચેતનભાઈ આડેસરા (ઉં.વ.૨૧), વિશાલ લલિતભાઈ આડેસરા (ઉં.વ.૪૩), સંગીતા વિશાલભાઈ આડેસરા (ઉં.વ.૪૧), સગીર (ઉં.વ.૧૫), એક બાળકી

## રાજકોટ ભાજપના વોટ્સએપ ગ્રૂપમાં ૬ પોર્ન વીડિયો મોકલાતા ખળભળાટ

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૧

સુરેન્દ્રનગરના તરણેતરના મેળામાં અશ્લીલ ડાન્સ બાદ હવે રાજકોટ ભાજપમાં એક અશ્લીલ ક્લીપથી ખળભળાટ મચી ગયો છે. શહેર ભાજપના વોર્ડ નંબર ૪ ના કિસાન મોરચાના ગ્રુપના અશ્લીલ વીડિયો મૂકતા બબાલ થઈ છે. ભાજપના કાર્યકરે મહિલા મેયર જે ગ્રુપમાં છે તેમાં અલગ અલગ ૬ પોર્ન વીડિયો મૂકી દેતા શહેર પ્રમુખ સુધી ફરિયાદનો ધોધ વહેતો થયો. કાર્યકરને ઠપકો આપીને વીડિયો તાત્કાલિક અસરથી હટાવી લેવાયા હતા. સાથે જ આ મામલે શહેર ભાજપ પ્રમુખ દ્વારા સમગ્ર મામલે તપાસ અને કાર્યવાહીની ખાતરી આપવામાં આવી છે. પોર્ન વીડિયો ભાજપના કાર્યકર મનીષ પરસાણાના ફોનમાંથી મુકાયા હોવાનું સામે આવ્યું છે. આ ઘટના બાદ ભાજપના મહિલા સદસ્યો અને મહિલા મેયર ગ્રુપમાંથી ફટાફટ લેફ્ટ થઈ ગયા હતા. રાજકોટમાં બે વર્ષ પહેલા બનેલી ઘટનાનુ પુનરાવર્તન થયું છે. રાજકોટ વોર્ડ નંબર ૪ ના ગ્રૂપમાં ભાજપના કિસાન મોરચાના ગ્રૂપમાં એક બે નહિ, પરંતુ ૬ અશ્લીલ વીડિયો મૂકાયા હતા. આ જ ગ્રૂપમાં રાજકોટના મહિલા મેયર પણ સામલ છે. ત્યારે અશ્લીલ સામગ્રી જોઈને મહિલા સદસ્યો ક્ષોભીલી પડી હતી, અને ફટાફટ ગ્રૂપમાંથી લેફ્ટ થઈ ગઈ હતી. આ વોર્ડ રાજકોટના મેયર નયનાબેન પેઢડિયાનો વોર્ડ છે. વોર્ડ નંબર ૪ ના બૂથ નબર ૫૬ ના મનીષ પલસાણાના




મોબાઈલમાંથી આ તમામ વીડિયો પોસ્ટ થયા હતા. ત્યારે આ મામલે ખુલાસો કરતા મનીષ પલસાણાએ કહ્યું કે, મારા દીકરા પાસે ફોન હતો, અને તેણે ભૂલથી આ વીડિયો શેર કર્યો હતા. આ કૃત્ય ભૂલમાં થયું છે. તો શહેર ભાજપમાં આ બાબતને ગંભીર નોંધ લેવાઈ હતી. પ્રમુખ મુકેશ દોશીએ કહ્યું કે, અમારી પાસે આ બાબતની ફરિયાદ આવી છે. મનીષ પલસાણાના મોબાઈલમાંથી આ વીડિયો મોકલાયા છે. કાર્યકરને તાત્કાલિક અસરથી ગ્રૂપમાથી રિમૂવ કરાયા છે. સ્થાનિક અગ્રણીઓ આ મામલે તપાસ કરશે.

## ચૂંટણીની અદાવતમાં છોટાઉદેપુરના પૂર્વ સાંસદ રામસિંહ રાઠવાના ભત્રીજાની હત્યા

છોટાઉદેપુર,તા.૨૧

છોટા ઉદેપુર જિલ્લામાંથી ચકચારી મચાવતી ઘટના સામે આવી છે. ટ્રાઈફેડના ચેરમેન અને પૂર્વ સાંસદ રામસિંહ રાઠવાના ભત્રીજા કુલદીપ રાઠવાની ખુલ્લેઆમ ગોળી મારીને હત્યા કરી દેવાઈ છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી મચી ગઈ છે. મળતી માહિતી મુજબ ગામના જ બે વ્યક્તિએ હત્યાને અંજામ આપ્યો હતો. જેમાંથી એક આરોપીની પોલીસે અટકાયત કરી છે. મોડી રાત્રે બે લોકો મોટર સાયકલ પર આવ્યાં અને કુલદીપ રાઠવા પર ફાયરિંગ કરીને ફરાર થઈ ગયાં હતાં. આ બે વ્યક્તિ શંકર રાઠવા અને રેવજી રાઠવા હોવાનો આરોપ લગાવાયો છે. અગાઉ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં શંકર રાઠવાનો મૃતક કુલદીપ સાથે ઝઘડો થયો હતો, જેની અદાવતે હત્યા કરી હોવાની આશંકા સેવાઈ રહી છે. કુલદીપ રાઠવાના મૃતદેહને પીએમ માટે ક્વાંટ ખાતેની હોસ્પિટલ મોકલાયો છે. સમગ્ર ઘટના બાબતે રામસિંહ રાઠવાએ કહ્યું કે, 'હાલ ઝઘડા વિશે કોઈ માહિતી નથી.

## તિરૂપતિ બાલાજી મંદિરમાં પ્રસાદનો વિવાદ અમદાવાદ સુધી પહોચ્યો

**તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમને ક્યારેય ઘી સપ્લાય કરાયુ નથી : અમુલ**

અમદાવાદ,તા.૨૧

તિરુપતિ બાલાજી મંદિરમાં પ્રસાદનો વિવાદ અમદાવાદ સુધી પહોંચ્યો છે. પ્રસાદમાં ઘી મામલે અમૂલ દ્વારા ઘી સપ્લાય કરવામાં આવ્યું હોવાનું X પર પોસ્ટ મૂકવામાં આવી હતી. એને લઈને વિવાદ સર્જાયો હતો. અમૂલની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા માટે ખોટા સમાચાર ફેલાવવામાં આવ્યા હોવાની સાયબર ક્રાઈમે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. સેટેલાઈટમાં હેમંત ગાવની અમૂલમાં છેલ્લાં ૩૦ વર્ષથી નોકરી કરે છે.

૨૦ સપ્ટેમ્બરે તેઓ દિલ્હી ગયા હતા. પરત અમદાવાદ એરપોર્ટ પર આવ્યા ત્યારે તેમને X પર અલગ અલગ એકાઉન્ટથી તિરુપતિ બાલાજી મંદિરમાં લાડુ બનાવવા



વપરાયેલા એનિમલ ફેટવાળું ઘી અમૂલનું હોય એવી પોસ્ટ કરવામાં આવી હતી.

આ પોસ્ટના કારણે અમૂલ સહકારી સંસ્થાને નુકસાન તથા હાનિ પહોંચાડવાના ઈરાદાથી ખોટો ઈલેક્ટ્રોનિક રેકોર્ડ તથા દુશ્મનાવટ અને ધિક્કારની લાગણી અને દ્વેષ ઉદભવે એ પ્રકારની અફવા ફેલાઈ હતી.

તિરુપતિ લાડુમાં ભેળસેળના વિવાદ વચ્ચે ડેરી કંપની અમૂલે પણ સ્પષ્ટતા આપી છે. કંપનીએ શુક્રવારે સોશિયલ મીડિયા પર એક નિવેદન જાહેર કરીને કહ્યું હતું કે તેમણે તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમને ક્યારેય ઘી આપ્યું નથી.

## કેન્દ્ર સરકારે ખાદ્યતેલ પર આયાત ડયુટી વધારતા ગુજરાતમાં તેલના ભાવમાં ભડકો

**એક સપ્તાહમાં કપાસિયા તેલમાં રૂા.૪૦૦નો વધારો**

અમદાવાદ,તા.૨૧

કેન્દ્ર સરકારે ગત શુક્રવારે ખાદ્ય તેલો પર આયાત ડ્યૂટી વધારતાં ગુજરાતમાં તેલના ભાવમાં ભડકો થયો છે. એ પછી ખાદ્યતેલના ભાવમાં ૧૭ ટકાનો વધારો થયો છે. છેલ્લા એક સપ્તાહમાં કપાસિયા તેલના ભાવમાં ડબે રૂ.૪૦૦નો, પામ ઓઈલના ભાવમાં રૂ.૩૦૦થી ૩૫૦નો વધારો થયો. જ્યારે સિંગતેલના ભાવમાં વધારો થયા બાદ રૂ.૫૦નો ઘટાડો થયો છે. સિઝનમાં તેલીબિયાનું ઉત્પાદન લેતા ખેડૂતોને સારા ભાવ મળી રહે તે માટે આ નિર્ણય લેવાયો હતો. જોકે, તેનું ઊલટું પરિણામ એ આવ્યું કે, ખાદ્ય તેલના ભાવમાં તીવ્ર વધારો થઈ ગયો. આયાત ડ્યુટી વધતા તેલ વધુ મોંઘુ થયું. છેલ્લા એક સપ્તાહમાં કપાસિયા તેલના ભાવમાં રૂ. ૪૦૦નો વધારો થયો છે.



૧૪ સપ્ટેમ્બરથી ક્રૂડ સોયાબીન તેલ, પામ ઓઈલ અને ક્રૂડ સનફલાવર તેલ પરની કસ્ટમ ડ્યૂટી શૂન્યથી વધારીને ૨૦ ટકા કરવામાં આવી છે. જેનાથી તેલ પરની આયાત ડ્યૂટી ૨૭.૫ ટકાથઈ ગઈ છે. જ્યારે રિફાઈન્ડ પામ તેલ, રિફાઈન્ડ સનફલાવર તેલ, અને રિફાઈન્ડ સોયાબીન તેલ પરની કસ્ટમ ડયૂટી ૧૨.૫ ટકાથી વધારીને ૩૨.૫ ટકા કરવામાં આવી છે. જેનાથી રિફાઈન્ડ તેલ ઉપરની ડ્યૂટી ૩૫.૭૫ ટકા થઈ ગઈ છે. આમ તહેવારોની શરૂઆત પહેલા જ તેલના ભાવમાં ધરખમ વધારો થઈ રહ્યો છે.

## આણંદમાં નશાના સોદાગરો પાસેથી રૂા.૧૭.૯૩ લાખનો ગાંજો ઝડપાયો

(એ.આર.એલ),આણંદ,તા.૨૧

આણંદમાં એસઓજી પોલીસે મળેલી બાતમીના આધારે આણંદ શહેરમાં ભાલેજ રોડ પર મોટા મદ્રેસા નજીક લકઝરી બસમાંથી ૭૯.૦૬૦ કિલોગ્રામ માદક પદાર્થ સાથે એક શખ્સને ઝડપી પાડી લકઝરી બસ સાથે ૧૭.૯૩ લાખની રકમનો મુદ્દામાલ કબ્જે કરી આણંદ ટાઉન પોલીસ મથકે નાર્કોટીકસ ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.



આણંદની એસઓજી પોલીસની ટીમને બાતમી મળી હતી કે આણંદ શહેરમાં ભાલેજ રોડ પર ગોલ્ડન સોસાયટીમાં રહેતો ફિરોજભાઈ ખલીફા નામનો શખ્સ નશીલા પદાર્થ લકઝરી બસમાં ગાંજાની હેરાફેરી કરે છે અને હાલમાં ભાલેજ રોડ પર મોટા મદ્રેસા નજીક પાર્ક કરેલી લકઝરી બસમાં ગાંજો લઈને બેઠો છે, બાતમીનાં આધારે એસઓજી પોલીસની ટીમે છાપો મારીને લકઝરી બસની તલાશી લેતા લકઝરી બસમાં છેલ્લી સ્લીપર સીટમાં કપડાથી ઢાંકીને રાખેલા ભુરા રંગનાં ૧૬ ઝભલા મળી આવ્યા હતા, જેની તપાસ કરતા તેમાં વનસ્પતિજન્ય માદક પદાર્થ ૭૯.૦૬૦ કિલોગ્રામ મળી આવતા પોલીસે માદક પદાર્થ ગાંજો. એક મોબાઈલ ફોન અને લકઝરી બસ સાથે ૧૭.૦૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે લકઝરી બસમાં બેઠેલા ફિરોજભાઈ અબ્દુલ રહેમાન ખલીફાની ધરપકડ કરી હતી. આ બનાવ અંગે એસઓજી પોલીસે ગાંજા સાથે ઝડપી પાડેલા ફિરોજ ખલીફાની પુછપરછ કરતા આ ગાંજાનો જથ્થો દાતાર મહેસાણા ખાતેથી એક શખ્સે આ ગાંજાનો જથ્થો ભરી આપ્યો હતો, તેમજ આ બનાવમાં આણંદનાં ઈમરાન ઈશાક ઉર્ફે બાબાકી ધૂમ ખલીફા અને ઈમરાન પલાવ પણ સંડોવાયેલા હોવાની કબૂલાત કરતાં પોલીસે આણંદ ટાઉન પોલીસ મથકે ફિરોજ ખલીફા અને ઈમરાન ઈસાક ઉર્ફે બાબા કી ધૂમ ખલીફા, ઈમરાન પલાવ અને દાતાર ખાતેથી ગાંજો ભરી આપનાર શખ્સ સહિત ચાર શખ્સો વિરુદ્ધ નાર્કોટીકસની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

## સુરતના ઉધનામાં ડમ્પરચાલકે અડફેટે લેતા દંપતીનું કરૂણ મોત

(એ.આર.એલ),સુરત,તા.૨૧






સુરતના ઉધનામાં હરતાં ફરતા મોતના ડમ્પરે દંપતીને કચડી નાખ્યુ હતુ. ડમ્પર ચાલકે બાઈક સવાર દંપતીને પાછળથી ટક્કર મારી હતી. ડમ્પરની ટક્કરના લીધે પત્નીનું ઘટનાસ્થળે મોત થયું હતું. પતિનું પણ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પોલીસે ડમ્પર ચાલકની ધરપકડ કરી તપાસ પણ હાથ ધરી હતી. ડમ્પર ચાલકોને દિવસ દરમિયાન બહાર નીકળવાની મનાઈ હોવા છતાં પણ તેઓ દિવસે બેફામ મોતના ડમ્પર બનીને ફરે છે. તેની સામે કોઈપણ પ્રકારની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવતી નથી. તેના લીધે ડમ્પર ચાલકો બેફામ બન્યા છે. આ પહેલા દિવસ દરમિયાન બનેલા અકસ્માતમાં ભરૂચના અંકલેશ્વરમાં માર્ગ અકસ્માતમાં બેના મોત થયા છે. રાજપીપળા ચોકડી નજીક ત્રિપલ અકસ્માત જીવલેણ નીવડ્યો હતો.

## સુરતમાં ટ્રેન ઉથલાવવાનું કાવતરૂ, પોલીસે તપાસ શરૂ કરી

સુરત, તા.૨૧

સુરતમાં કીમ સ્ટેશન નજીક ટ્રેન ઉથલાવવાના ગંભીર પ્રયાસનો પર્દાફાશ થયો છે. અજાણ્યા શખસે ટ્રેનના ટ્રેક પર ફિશ પ્લેટ ખોલી નાખી હતી, સાથે સાથે રેલવે ટ્રેકને જોડતા ૭૧ પેડલોક કાઢી નાખ્યા હતા. મળતી વિગતો પ્રમાણે, વડોદરા ડિવિઝનમાં ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ રેલવે વિભાગમાં દોડધામ શરૂ થઈ ગઈ હતી. આ ઘટનામાં અજાણ્યા શખસે ટ્રેનના અપ ટ્રેકની ફિશ પ્લેટને ખોલીને અપ ટ્રેક પર મૂકી દીધી હતી, જોકે રેલવે અધિકારીઓને આ બાબતની જાણ થતાં રેલવ્યવહારને તાત્કાલિક બંધ કરી દીધા હતા અને નવી ફિશ પ્લેટ લગાવીને રેલ સેવા ફરી શરૂ કરી હતી. રેલવે વિભાગની ટીમે હાલ ટીખળખોરો સુધી પહોંચવા માટે ડોગ-સ્ક્વોડની મદદ લીધી છે. ATS અને NIAએ પણ કીમ ઘટનામાં ઈનપુટ મેળવી રહી છે.









